**સુવિચાર**

‘‘પૈસાની કમી હોય ત્યારે ખર્ચામાં અને જ્ઞાનની કમી હોય ત્યારે ચર્ચામાં મર્યાદા રાખવી હિતાવહ છે.’’

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૯/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિ ૐ
PENDAWALA
શ્રાદ્ધપક્ષ નિમિતે...
સ્પે.દુધપાક
સ્પે.ફ્રાયફ્રુટ બાસુંદી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા વદ-૧૨ વર્ષ : ૧૬ અંક : ૨૩૬


## સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીએ બારડોલીથી સોમનાથ સુધી યાત્રા

# અમરેલીમાં ‘‘સરદાર સન્માન યાત્રા’’નું શનિવારે આગમન

**બાબરાનાં ચમારડીનાં વતની ગોપાલભાઈ વસ્તરપરા આયોજિત સરદાર યાત્રાનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરાશે**

**અમરેલી જિલ્લામાં યાત્રાનાં કન્વીનર ડી.કે. રૈયાણીએ તમામ સમાજનાં આગેવાનોની બેઠક યોજી**

**શનિવારે સાંજે યાત્રાનું આગમન બાદ ડો. જીવરાજ મહેતા ચોકમાં સભા યોજાશે**

**દરેક સમાજને યાત્રામાં જોડાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો**







અમરેલી, તા. ૧૭

અમરેલી શહેરમાં સરદાર સન્માન યાત્રાના સ્વાગત માટે આયોજનની એક અગત્યની બેઠક મળી. ગોપાલભાઈ વસતાપરા દ્વારા બારડોલીથી સોમનાથ સુધીની સરદાર સન્માનયાત્રાનું આયોજન કરેલું છે. ત્યારે આવતી ૨૦ સપ્ટેમ્બરને શનિવારના રોજ અમરેલી શહેરમાં આ યાત્રાનું સ્વાગત કરવા માટે ગજેરાપરા બાલમુકુન્દ હોલ ખાતે સરદાર સન્માન યાત્રા અમરેલી જિલ્લાના કન્વીનર ડી.કે. રૈયાણીના અધ્યક્ષ સ્થાને સર્વસમાજની, સર્વપક્ષીય અને અમરેલી શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓની એક અગત્યની બેઠક મળી હતી જેમાં બહોળી સંખ્યામાં વિવિધ સમાજના આગેવાનો હાજર રહ્યા હતા. રાજેશભાઈ માંગરોળીયાએ સૌનું સ્વાગત કર્યુ હતું. બ્રહ્મ સમાજમાંથી મુકુંદભાઈ મહેતાએ, ક્ષત્રિય સમાજમાંથી હાથીભાઈ ધાધલે અને મજબુતભાઈ બસિયાએ, આહીર સમાજમાંથી વનરાજભાઈ કોઠીવાળે અને કમલેશભાઈ ગરાણીયા, દલિત સમાજમાંથી અરવિંદભાઈ સીતાપરા,


અનુસંધાન પાના ૬ ઉપર


### અમરેલી નજીક આવેલ

## શેડુભાર ખાતે નદીમાં ન્હાવા ગયેલ કિશોરનું પાણીમાં ડૂબી જવાથી મોત થયું

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૭

અમરેલી તાલુકાના શેડૂભાર ગામે રહેતા અભય વિનોદભાઈ દેવજીભાઈ સાવ નામનાં ૧૨ વર્ષિય કિશોર ગત તા. ૧૬નાં બપોરનાં ૨ વાગ્યે શેડૂભાર ગામે આવેલ ખારૂડી નદીમાં ન્હાવા જતા અકસ્માતે પાણીમાં ડૂબી જતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### યુવતીની સગાઈનાં મનદુઃખથી ગળામાં છરી મારી હતી

## અમરેલીમાં યુવતી ઉપર જીવલેણ હુમલો કરી નાસી છુટેલ બંને આરોપીઓને પોલીસે દબોચી લીધા

**સિટી પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીને ખાંભાથી ઝડપી લીધા**



અમરેલી, તા. ૧૭

અમરેલીમાં ચિતલ રોડ ઉપર રહેતી એક ૨૪ વર્ષીય યુવતી ગઈકાલે અમરેલીના ઉપર ચિતલ રોડ ઉપર આવેલ ભાવકાભવાની મંદિર પાસે બે જેટલા શખ્સોએ યુવતીની થયેલ સગાઈના મનદુઃખના કારણોસર યુવતિ ઉપર છરી વડે આડેધડ ઘા કરી જીવલેણ હુમલો કરી આરોપી નાસી ગયા હતા. આ બનાવમાં બંને આરોપીને સીટી પોલીસે ગણતરીની કલાકોમાં ખાંભા ગામેથી


અનુસંધાન પાના ૬ ઉપર



મોન્સુન ધમાકા ઓફર
ન ભૂતો.... ન ભવિષ્યતિ...
ટુ વ્હીલર બેટરી ધમાકા ઓફર
ટુ વ્હીલર વાહન માલિકો માટે આનંદના ખબર
દરેક ટુ વ્હીલર સેલ્ફ સ્ટાર્ટ વાહનો માટેની બેટરી
Lucas
4 LB માત્ર રૂા.૮૦૦/- માજ
5 LB માત્ર રૂા.૧૦૦૦/- માજ
4 LB માત્ર રૂા.૭૦૦/- માજ
5 LB માત્ર રૂા.૯૦૦/- માજ
નોંધ : આ ભાવ માત્ર જુની બેટરી પરત કરવાના છે.
દરેક ટુ વ્હીલરની બેટરી હાજર સ્ટોકમાં મળશે.
આ સાથે ૪૮ મહિનાની વોરંટી તો ખરીજ..
અમરેલી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર
94269 38161 (Since 1995) 76986 55398
જય શ્રી ચામુંડા બેટરી હાઉસ
મેઈન બ્રાંચ: રેલ્વે સ્ટેશન રોડ, ગોપી ટોકીસની બાજુમાં, અમરેલી
બ્રાંચ: લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી



જમીન જોઈએ છે
ગીરની આસપાસમાં ખેતી લાયક જમીન કેરીનો બગીચો, ડુંગરની ધાર પડતર જમીન જોઈએ છે
સંપર્ક 98258 50549



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



ધર્મજીવન હોસ્પિટલ
સરકારશ્રીની PMJAY
આયુષ્માન યોજના અંતર્ગત
નીચેના વિભાગોમાં દાખલ સારવાર:
24/7 ઈમરજન્સી
• મેડીસીન & ક્રિટીકલ કેર વિભાગ
• સર્જરી વિભાગ
• ઓર્થોપેડિક વિભાગ
• સ્ત્રી રોગ અને પ્રસુતી વિભાગ
• નવજાત શિશુ માટે NICU & બાળકો માટે PICU વિભાગ
સંપૂર્ણ મફત*
875 875 4112/3310 શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી



"NAARI WELCOMES NEW TEAM MEMBER"
naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS: જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ,વલસાડ
D.G.O.: સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
■ ૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ■ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ૧૫૦૦ + સિઝેરીયન
૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



સ્વદેશી ફક્ત વસ્તુઓ નથી-તે સ્વતંત્ર ભારતનું ગૌરવ અને સ્વાભિમાન છે
અનુકંપા ફાઉન્ડેશન – અમરેલી
મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સ્વદેશી અભિયાન
અનુકંપા ફાઉન્ડેશન - અમરેલી દ્વારા છેલ્લા કેટલાંક સમયથી સ્વદેશી અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો થઇ રહ્યાં છે.
થોડા સમય પહેલાં આ સંસ્થાનાં પ્રમુખશ્રી ડો.ભરતભાઇ કાનાબાર દ્વારા સામાન્ય નાગરિકો સ્વદેશી અને વિદેશી ચીજ - વસ્તુઓની સહેલાઇથી પરખ કરી શકે તે માટે એક વિશિષ્ઠ લોગો અને ચિન્હ - સીમ્બોલ રજુ કરાયા હતા જેનો અમરેલી સ્થિત શીતલ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ભારતમાં સૌપ્રથમ વાર ઉપયોગ શરૂ કરાયો હતો.
સ્વદેશી ચીજ - વસ્તુઓના ઉત્પાદન અને વ્યાપારને વધુ ઉત્તેજન મળે અને એ રીતે આપણા દેશના ઉદ્યોગ સાહસિકો, કારીગરો, ખેડૂતો અને નાના વેપારીઓને ટેકો મળે તે માટે આ ઝુંબેશને વધુ આગળ ધપાવવાના ભાગરૂપે ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં એક કાર્યક્રમ તા.૨૧ મી ના રવિવારે, બપોરે ૧૧:૧૫ કલાકે ટાવર ચોક-અમરેલી ખાતે રાખેલ છે. આ કાર્યક્રમમાં અમરેલી માર્કેટયાર્ડના બધાજ વેપારીઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા નમ્ર વિનંતી છે.
લી.
શ્રી પી.પી. સોજીત્રા – પૂર્વ ચેરમેન અને ડાયરેક્ટર, અમરેલી માર્કેટ યાર્ડ
શ્રી શૈલેષભાઈ સંઘાણી – ચેરમેન, અમરેલી માર્કેટ યાર્ડ
શ્રી ભરતભાઈ કાનાબાર – પ્રમુખ, અનુકંપા ફાઉન્ડેશન,અમરેલી
સમય : તા.૨૧, સપ્ટેમ્બર, રવિવાર, બપોરે : ૧૧:૧૫ કલાકે
સ્થળ : ટાવરચોક, અમરેલી
વિદેશી માલ પર ખર્ચેલો દરેક રૂપિયો રાષ્ટ્રના અર્થતંત્રને નબળુ કરે છે જયારે દેશમાં જ બનેલ માલ દેશના અર્થતંત્રને મજબુત કરે છે.

# અમરેલી જિલ્લામાં ઠેકઠેકાણે ''આમ આદમી પાર્ટી''ને વ્યાપક સમર્થન

# લીલીયા મોટા ખાતે ''આપ આયે બહાર આઈ'' જેવો માહોલ

**જિલ્લામાં કોંગ્રેસ પક્ષ નિરાશાની ગર્તામાં ધકેલાયો હોય ''આપ'' પાર્ટી ક્રમશઃ વિપક્ષી ભૂમિકામાં આગળ વધી રહી છે**

**વડિયા, કુંકાવાવ, સાવરકુંડલા, બગસરા બાદ લીલીયા પંથકમાં પણ અનેક આગેવાનો ''આપ''માં જોડાયા**

**''આપ''નાં આગેવાનોમાં વિસાવદરનાં વિજય બાદ ઉત્સાહનાં ઘોડાપુર જોવા મળી રહ્યા છે**

**જિલ્લાનાં યુવાનો, ખેડૂતો, મહિલાઓ, શ્રમિક સહિતનાં પ્રશ્નોને ઉજાગર કરવામાં ''આપ'' સફળ**






લીલીયા, તા. ૧૭

અમરેલી જિલ્લાના આર્થિક શૈક્ષણિકઅનેસામાજિકરીતેસાવ પછાત ગણાતા તાલુકા મથકના લીલીયાના સરદારચોકખાતેઆમઆદમીપાર્ટીની ગુજરાત જોડો જનસભા મળી હતી. આ સભામાં આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખનિકુંજભાઈ સાવલિયાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો સાથે આક્રોશ વ્યક્ત કરી પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, સમગ્ર ભારત સહિત ગુજરાતમાં ખેડૂતો સામેની શોષણકારી વર્તમાન સરકારની નીતિ રીતિ સામે પ્રહારો કરી આવનારા સમયમાં સરકારી અધિકારીઓ કર્મચારીઓ ખેડૂતોને સલામ મારે તેવું ગુજરાત બનાવવું છે. તો બીજી બાજુ અમરેલીમાં ભારે ચર્ચિત પાયલ ગોટી કાંડ બાબત સભામાં ભારે ચાબખા મારી જણાવ્યું હતું કે પહેલા અસામાજિકતત્વોનાવરઘોડાનીકળતા હવે ગુજરાતનીબહેનદીકરીનો વરઘોડો કાઢવામાં આવે છે. આવા અહંકારી નેતાઓને પાઠ ભણાવવાનો સમય આવી ગયો છે. આ તકે લોકસભા પ્રભારી કાંતિભાઈ સતાસિયા, વિધાનસભા પ્રભારી ઓધવજીભાઈ પટેલ, આમ આદમી અગ્રણી હિરેનભાઈ વિરડીયા, મેહુલભાઈ માળવીયા, કાંતિભાઈ પોલરા, વિજયભાઈ વિરાણી સહિતના અગ્રણી આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જનસભામાંતાલુકાભરમાંથીલોકોમોટી સંખ્યામાં ઉપસ્થિત રહી જનસભાને સમર્થન આપેલ તેમ ઈમરાન પઠાણની અખબારીયાદીમાંજણાવેલછે.

## લખનૌ ખાતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે અમરેલીનાં યુવા હર્ષ સંઘાણીની મુલાકાત

**વૈશ્વિક સહકારીતામાં યુવાનોનાં નેતૃત્વ ઉપર ચર્ચા–વિચારણા થઈ**



અમરેલી, તા. ૧૭

વૈશ્વિક સહકારીતામાં ભારતીય યુવા નેતૃત્વનો ઉદય હવે દૂર નથી અને તેવી ક્ષમતા ભારતના યુવાનોમા ભરપુર છે, હર્ષ સંઘાણી ઉભરતી યુવા શકિત છે. તેમ ઉતર પ્રદેશના પાટનગર લખનૌ ખાતે (આઈ.સી.એ.) યુથ કમિટિના અધ્યક્ષ હર્ષ સંઘાણી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથેની શુભેચ્છા મૂલાકાત વેળા આદિત્યનાથે જણાવેલ હતું.

સાથે ઉતર પ્રદેશના પ્રવાસે પહોચેલા હર્ષ સંઘાણી એ મુખ્યમંત્રી સાથેની શુભેચ્છા મૂલાકાત વેળા સહકારી ક્ષેત્રમાં ભારતની યુવા શકિતની વૈશ્વિક નેતૃત્વ ક્ષમતા અને યોગદાનની માહિતી આપી દેશની પ્રવર્તમાન સહકારી પ્રવૃતિઓમાં યુવાનોને સહકારી ચળવળમા નેતૃત્વ, સહકારના માધ્યમથી યુવા ઔદ્યોગીક પ્રવૃતિને વેગ, ગ્રામ અને પછાત શહેરના વિકાસમા યુવા માર્ગદર્શન સહિત વિશ્વશાંતિમા યોગદાનમા ભારતની પહેલ–પરિવર્તન વિશે સવિસ્તાર જણાવેલ હતું હર્ષના વિચારોને મુખ્યમંત્રીએ બિરદાવ્યા હતા.

હર્ષે મુકેશભાઈ સંઘાણીએ બેઠક પછી કહયુ હતુ કે, '' ભારત વિશ્વની સૌથી મોટી યુવા વસ્તીમાની એક છે અને સહકારી સંસ્થાઓ તેની સાચી ક્ષમતાને ઉજાગર કરવા માટે શ્રેષ્ઠ પ્લેટફોર્મ છે. હું મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીનો તેમના માર્ગદર્શન અને સમાવેશી અને સ્થિતીસ્થાપક ભારતને આકાર આપવામાં યુવાનોની ભૂમિકાને પ્રેરક બળ તરીકે ઓળખવા બદલ આભારી છું. સંઘાણીએ મૂલાકાત માટે કિંમતી સમય ફાળવવા બદલ મુખ્યમંત્રી પ્રત્યે આભાર પ્રગટ કરેલ આ તકે સ્થાનિક યુવા સહકારી આગેવાન ઉપસ્થિત રહયા હતા. અત્રે નોંધવુ ઘટે કે, દક્ષિણ આફ્રિકા અને રશિયાની મૂલાકાત દરમ્યાન ભારતીય યુવા વિચાર અને ક્ષમતાઓને વૈશ્વિક મંચપર રજુ કરીને યુવાનોનું ગૌરવ વધારેલ તેમ અખબારી યાદીના અંતમા જણાવાયેલ છે.

## સર્વ ધર્મ સમભાવનું જીવતું જાગતું ઉદાહરણ એટલે એ.ડી. મોગલ



અમરેલી, તા. ૧૭

અમરેલીના વતની અને જેમણે અમરેલી કોર્ટમાં વકીલ તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેવા રીટાયર્ડ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એ.ડી. મોગલ અમરેલીના જનજીવનમાં તેમના વ્યવહાર અને કાર્યોથી અમરેલીના જનમાનસમાં એક વિશિષ્ટ આદરભાવ ઉભો કર્યો છે. અમરેલીના અનુકંપા ફાઉન્ડેશનના માધ્યમથી સિનીયર સીટીઝનો માટે ચાલતી હિંદુ ધાર્મિક સ્થળોની તીર્થયાત્રા માટે તેમણે સંસ્થાને ૭૫૦૦૦/– રૂપિયાનું અનુદાન આપી સામાજીક સદ્‌ભાવનાનું એક ઉતમ ઉદાહરણ પુરૂ પાડયું છે.

આ અગાઉ પણ અમરેલીના વેપારીઓ ધ્વરા સોમનાથ, દ્વારકા, ડાકોર અને શ્રીનાથજીમાં ધજા ચડાવવાના કાર્યક્રમોમાં પણ તેમના તરફથી ઉદાર આર્થિક સહયોગ ઉપરાંત યાત્રા માટે જરૂરી માર્ગદર્શન અને મદદ મળ્યા હતા.

## પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે લીલીયાનાં એકલેરા ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો




લીલીયા, તા. ૧૭

લીલીયા તાલુકાના એકલેરા ગામે દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે નિયામક આયુર્વેદિક કચેરી ગાંધીનગર અને એકલેરા ગ્રામ પંચાયત તથા માધવ કલા વૃંદના સંયુક્ત ઉપક્રમે એકલેરા પ્રાથમિક શાળા ખાતે મામલતદાર બી.એસ.પટેલના અધ્યક્ષ સ્થાને સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જે કેમ્પનું દીપ પ્રાગટય એકલેરા ગામના સરપંચ એડવોકેટ રાજેશ્વરી બેન રાજયગરૂના હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે એડવોકેટ ઈતેશભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં ડો. શુકલા, ડો. જોશી, ડો. શેઠ દ્વારા સેવાઓ આપવામાં આવેલ. આ કેમ્પમાં બાળકોને સુવર્ણ પ્રાસન અને આર્યુવેદી ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ. આ કેમ્પને સફળ બનાવવા માટે તલાટીકમ મંત્રી સાહિલ પરમાર તથા શાળાના આચાર્ય ચેતનભાઈ જોધાણી માધવ કલા વૃંદના જયેશભાઈ રાજયગુરૂ તેમજ ગ્રામ પંચાયતના સદસ્યોએ જહેમત ઉઠાવી હતી.

## ખેડૂતોએ ટેકાના ભાવે મગફળીના વેચાણ અર્થેની વાંધા અરજી 3 દિવસ સુધીમાં કરવી

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લાનાં મગફળી પકવતા ખેડૂતોએ વર્ષ ૨૦૨૫–૨૬ માટે ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરવા માટે નાફેડના ઈ–સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવી છે અને ખેડૂતોએ નોંધણીમાં મગફળી પાક દર્શાવેલ સર્વે નંબરમાં ડીજીટલ ક્રોપ સર્વે અને સેટેલાઈટ ઈમેજ આધારિત વાવેતર સાથે વેરીફીકેશન કરવામાં આવી રહી છે. જે ખેડૂતોને નોંધણીમાં મગફળી પાક દર્શાવેલ સર્વે નબરમાં મગફળી પાક જોવા મળેલ નથી તેવા ખેડૂતોને એસ.એમ.એસ. મારફત જાણ કરવામાં આવી છે અને તેવા ખેડૂતોને આ બાબતે કોઈ વાંધો હોય તો તેઓએ વાંધા અરજી આધાર પુરાવા સાથે દિન–૩માં સબંધિત ગામના તલાટી મંત્રી કે ગ્રામસેવકને રજૂ કરવાની રહેશે. તેમજ નોંધણીમાં દર્શાવેલ સર્વે નંબર માટે આપના ગામના સર્વેયર મારફત અથવા તો ખેડૂતે જાતે જ સેલ્ફ સર્વે કરવા માટે Play Store પરથી Digital Crop Survey-Gujarat એપ ડાઉનલોડ કરી તેઓના એગ્રીસ્ટેક–ફાર્મર રજીસ્ટ્રેશનનાં આઈ.ડી. થી લોગીન કરી સર્વે કરવાનો રહેશે. તેમ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)ની કચેરી, અમરેલીની યાદી જણાવ્યું છે.

**૪ એકર જમીનમાં વર્ષે રૂા. ૨૨ લાખની અધધ આવક**

## મોટા આંકડીયાના ખેડૂતે મલેશીયન જાતના ૩,૪૦૦ જેટલા અંજીર પ્લાન્ટનું વાવેતર કર્યુ

**દિનેશભાઈ સવસૈયા અંજીરની ખેતી માટે અન્ય ખેડૂતોને તાલીમ આપીને પ્રેરણારૂપ બન્યા**



અમરેલી, તા. ૧૭

રાત્રી સમયે પાણીમાં પલાળેલું અંજીર સવારે ખાવાથી શરીરનું સ્વાસ્થ્ય ઘોડા જેવું રહે છે ! આ સત્ય હકીકત છે. અંજીર એન્ટીઓક્સિડેન્ટ, ફાઈબર, ઝીંક, આયર્ન અને મેંગેનીઝ જેવા અનેક પોષકતત્વોથી ભરપૂર છે. નિયમિત ધોરણે અંજીરનું સેવન હદયને સ્વસ્થ રાખે છે, હાડકાં મજબૂત બનાવે છે, બ્લડ સુગર લેવલ નિયંત્રિત કરે, પ્રજનન ક્ષમતા વધારે છે.

અમરેલીના મોટા આંકડીયાના ખેડૂતશ્રી દિનેશભાઈ સવસૈયા અને તેમના ધર્મપત્ની વિલાસબેન સજોડે પોતાની ૪ એકર જમીનમાં પરંપરાગત રીતે વિવિધ રોકડિયા પાકની પરંપરાગત રીતે ખેતી કરતા હતા. પછી પ્રાકૃતિક કૃષિનો વિચાર આવતા બાગાયતી પાક અંજીરની ખેતી શરૂ કરવાનું નક્કી કર્યું.

અંજીરની પ્રાકૃતિક ઢબે સફળ ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂત દિનેશભાઈ સવસૈયાએ જણાવ્યું કે, વર્ષ ૨૦૨૦માં મેં મલેશીયન જાતના જી.એચ.જી ૧૨૦, હની ટેસ્ટ મલેશીયન ફીગ વેરાયટીના અંજીરના ૩,૪૦૦ ટીસ્યુ પ્લાન્ટનું વાવેતર કર્યુ હતું. આજે અમે અંજીરનો પાક ઉગાડીને તેનું સંપૂર્ણ પ્રોસેસીંગ ઘરે કરીએ છીએ અને અંજીરના પલ્પમાંથી અંજીર હની જામ, ચટણી, ડ્રાયફ્રૂટ મીઠાઈ સહિત ૨૮ પ્રકારની ખાદ્ય ચીજ–વસ્તુઓ બનાવીને તેનું હોલસેલ–રિટેલ વેચાણ કરીએ છીએ. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ખેડૂતોએ હવે પોતાના ઉત્પાદિત પાકની કિંમત પોતે નક્કી કરતો થાય અને પાક્કા ગુજરાતી વેપારી બને તે દિશામાં આગળ વધવું જોઈએ.

ઉલ્લેખનીય છે કે, દિનેશભાઈએ ચીન ખાતે વર્ષ ૨૦૧૯માં અંજીરની ખેતીના ફાર્મ ખાતે મુલાકાત લીધી હતી. અંજીરની પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ પણ મેળવી હતી. ગુજરાત સરકારની બાગાયત ખાતાની યોજના અન્વયે રૂ. ૬૦ હજારની સહાય પણ મેળવી. ખેડૂત દંપતીએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી અંજીર ઉગાડ્યા અને કમાલ કરી ! વાર્ષિક રૂ. ૨૨ લાખથી વધુની અધધ આવક મેળવી.

અંજીરના પાક માટે રેતાળ કાળી જમીન, પાણીનો ભરાવો ન થાય તે પ્રકારની જમીનની જરૂરીયાત હોય છે. સૂકું વાતાવરણ અંજીરના પાકને માફક આવે છે. અંજીર એક સમશીતોષ્ણીય પાક છે તેને પકવવા માટે અંદાજે ૫–૬ મહિનાનો સમય જોઈએ છે. પ્રગતિશીલ ખેડૂત દિનેશભાઈ સવસૈયાએ અંજીરની પ્રાકૃતિક કૃષિ માટે ઘન જીવામૃત, આચ્છાદનનો ઉપયોગ કર્યો છે. જેના ઉત્કૃષ્ટ પરિણામો મળ્યા છે.

ખેડૂત જાતે જ વેપારી બનવાનો વિચાર કરશે તો જ તે ખેતીમાં બે પૈસા રળી શકશે ! આ વાત પ્રગતશીલ ખેડૂત દિનેશભાઈ સવસૈયાએ સાર્થક કરી છે. તેમણે પોતાની જમીનમાં બાગાયતી પાક અંજીરના છોડ ઉછેરીને નર્સરી બનાવી છે. વર્ષ ૨૦૨૩–૨૪માં તેમણે કુલ ૪૨ હજાર રોપાનું વેચાણ કરીને વધારાની આવક પણ મેળવી છે.

દિનેશભાઈ સવસૈયા અને તેમના ધર્મપત્ની વિલાસબેન જણાવે છે કે, એક એકર દીઠ ૫૫૦ જેટલા અંજીરના છોડનું વાવેતર કરવામાં આવે છે. આ દરેક છોડ દીઠ ૧૦ થી ૧૫ કિલોગ્રામ જેટલા અંજીરનો પાક ઉતરે છે. પ્રાકૃતિક કૃષિ થકી ઉત્પાદિત અંજીરની બજારમાં ખૂબ મોટી માંગ છે અને ભાવ પણ સારા મળે છે. તેઓ અંજીરનો પાક લઈને તેને ધોવા અને સૂકવવા, કટીંગ–ક્રશ, ભટ્ટીમાં પકાવવા, તેમાં મધ, અર્જુન છાલ, એલચી સહિત અન્ય ચીજ–વસ્તુઓ ઉમેરીને તેમાંથી અંજીરની વિવિધ પ્રોડ્‌કટ બનાવે છે. તેમજ તેનું પેકેજિંગ કરી, જાતે જ માર્કેટિંગ કરી વેચાણ કરે છે. ઉલ્લેખનીય છે કે, અંજીર પાક વેવતર માટે એક એકરદીઠ પ્રથમ વખત કુલ રૂ. ૮૦ થી ૯૦ હજારનો ખર્ચ થાય છે.

સૌરાષ્ટ્રના ખેડૂતો હવે પરંપરાગત ખેતી છોડીને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા છે. પ્રાકૃતિક કૃષિમાં બાગાયતી પાકો પણ સારૂં વળતર આપી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી થકી જમીન અને ખેડૂત બંને સમૃદ્ધ બનવા તરફ અગ્રેસર છે.

# અમરેલી : અમર ડેરી ખાતે પ્રધાનમંત્રીનાં જન્મદિને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો






આજે અમર ડેરી ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું – ''એક પેડ મા કે નામ'' – વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમ, જેનું આયોજન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિન નિમિત્તે કરવામાં આવ્યું. પ્રધાનમંત્રીના જન્મદિનની અનોખી ભેટ રૂપે માત્ર એક વૃક્ષારોપણ કાર્યક્રમ જ નથી, પણ પ્રત્યેક નાગરિકમાં કુદરત અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી ઉત્પન્ન કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો. આ પ્રસંગે અમર ડેરી સંચાલિત તમામ દૂધ સહકારી મંડળીઓમાં કુલ ૧૧,૦૦૦ જેટલા વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યું છે અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને આ અનોખી ભેટ દ્વારા અમર ડેરી પરિવારએ તેમણે દેશ માટે આપેલી અદ્વિતીય સેવાઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી છે. વધુમાં અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાએ પ્રધાનમંત્રીને ૭૫મા જન્મદિનની હાર્દિક શુભેચ્છાઓ આપતા જણાવ્યુ કે આપના અવિરત નેતૃત્વ અને દેશપ્રેમ માટે અમર ડેરી પરિવાર હંમેશાં આભારી રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક વ્યકિતને દેશપ્રેમ અને પર્યાવરણ પ્રત્યેના બોધ સાથે જોડવાનું અમારા હૃદયથી પ્રયાસ છે. આ વિશેષ કાર્યક્રમ માત્ર પર્યાવરણ જાળવણીનો સંદેશ આપતો નથી, પરંતુ આપણી ભવિષ્ય પેઢી માટે નેતૃત્વ, સમાજ સેવા અને કુદરત પ્રત્યેના જવાબદારીના સંસ્કાર આપતો એક પ્રેરણાત્મક પ્રયોગ છે. આ તકે મનીષભાઈ સંઘાણી, ધીરૂભાઈ વાળા, ચંદુભાઈ રામાણી, રામજીભાઈ કાપડીયા, ભાવનાબેન ગોંડલીયા, રેખાબેન કાકડીયા, એમ.ડી.આર.એસ. પટેલ અને અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના સી.ઈ.ઓ બી.એસ. કોઠીયા, જનરલ મેનેજર ડી.આર. રામાણી, મંડળીના પ્રમુખ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેવુ અમર ડેરીની અખબારી યાદીમાં જણાવેલ છે.

### જન્મદિવસ પર પાકિસ્તાનને વડાપ્રધાન મોદીનો મેસેજ

# આ નવું ભારત છે, કોઈ પરમાણુ ધમકીઓથી ડરતું નથી : મોદી

**મધ્યપ્રદેશના ધાર ખાતે વડાપ્રધાને ભારતના સૌથી મોટા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઇલ પાર્કનો શિલાન્યાસ કર્યો : આ પહેલથી ખેડૂતોને તેમની ઉપજનું યોગ્ય મૂલ્ય મળશે**

ભોપાલ, તા.૧૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુધવારે (૧૭ સપ્ટેમ્બર) મધ્યપ્રદેશના ધારમાં કહ્યું હતું કે આ નવું ભારત છે, કોઈની પરમાણુ ધમકીઓથી ડરતું નથી. ઘરમાં ઘૂસીને મારે છે. જે આતંકવાદીઓએ માતા અને બહેનાના સિંદૂર ઉજાડ્યા તેમના ઠેકાણાઓને અમે નષ્ટ કર્યા છે. પ્રધાનમંત્રી મોદી તેમના જન્મદિવસ નિમિત્તે મધ્યપ્રદેશમાં છે. પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીએ પોતાના ભાષણમાં વધુ કહ્યું કે, મહર્ષિ દધિચિનો ત્યાગ માનવતાની સેવા કરવાનો સંકલ્પ આપે છે. આ જ વિરાસતમાંથી પ્રેરણા લઈને આજે દેશ મા ભારતીની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. આપણા વીર જવાનોએ પળવારમાં જ પાકિસ્તાનને ઘૂંટણિયે પાડી દીધા. ગઈ કાલે જ દેશે અને દુનિયાએ જોયું કે ફરી એક પાકિસ્તાની આતંકવાદીએ રડી-રડીને પોતાની હાલત વર્ણવી રહ્યો છે."મધ્યપ્રદેશના ધાર ખાતે વડાપ્રધાને ભારતના સૌથી મોટા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ પાર્કનો શિલાન્યાસ કર્યો. તેમણે કહ્યું કે, આ અભૂતપૂર્વ પહેલથી ખેડૂતોને તેમની ઉપજનું યોગ્ય મૂલ્ય મળશે અને યુવાનો માટે હજારો રોજગારના દરવાજા ખુલશે. આ સાથે તેમણે કહ્યું કે, વિશ્વકર્મા જયંતિએ શરૂ થયેલ આ યાત્રા ટેક્સટાઈલ ઉદ્યોગમાં નવી ઊર્જા લાવશે અને 'મેક ઈન ઈન્ડિયા'ને નવો વેગ મળશે. પ્રધાનમંત્રી મોદીએ પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું, "આ એક નવું ભારત છે, તે કોઈના પરમાણુ ધમકીઓથી ડરતું નથી. આ એક નવું ભારત છે, તે ઘરમાં ઘૂસી હુમલો કરે છે." આજે ૧૭ સપ્ટેમ્બર, બીજો એક ઐતિહાસિક પ્રસંગ છે. આ દિવસે રાષ્ટ્રએ સરદાર પટેલના દૃઢ સંકલ્પનું ઉત્તમ ઉદાહરણ જોયું. ભારતીય સેનાએ હૈદરાબાદને અસંખ્ય અત્યાચારોથી મુક્ત કરાવ્યું અને તેના અધિકારોનું રક્ષણ કરીને ભારતનું ગૌરવ પુનઃસ્થાપિત કર્યું. આ મહત્વપૂર્ણ સિદ્ધિને દાયકાઓ વીતી ગયા પરંતુ કોઈએ તેને યાદ રાખ્યું નહીં. તમે મને આ તક આપી. અમારી સરકારે તે ઘટનાને અમર બનાવી દીધી છે."પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, "આજે, વિશ્વકર્મા જયંતિ નિમિત્તે એક મોટી ઔદ્યોગિક પહેલ ચાલી રહી છે. દેશના સૌથી મોટા સંકલિત કાપડ પાર્કનો શિલાન્યાસ અહીં (ધાર) કરવામાં આવ્યો છે. આ પાર્ક ભારતના કાપડ ઉદ્યોગને ઉર્જા આપશે અને ખેડૂતોને તેમના ઉત્પાદન માટે વાજબી ભાવ મળશે તેની ખાતરી કરશે. આ કાપડ પાર્ક આપણા યુવાનોની મોટી સંખ્યામાં રોજગારીનું સર્જન કરશે. હું આ પ્રોજેક્ટ્સ માટે આપણા બધા દેશવાસીઓને અભિનંદન આપું છું." વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, "સ્વસ્થ નારી સશક્ત પરિવાર" આ અભિયાન દેશની માતાઓ અને બહેનો માટે સમર્પિત છે. એકપણ મહિલા કે જે જાણકારી કે સંસાધનના અભાવે સારવારથી વંચિત રહેતી હોય તે સ્વીકાર્ય નથી. આ અભિયાન આરોગ્ય, પોષણ અને જાગૃત્તિ દ્વારા નારીને સ્વસ્થ અને સશક્ત બનાવવાનો મહત્ત્વાકાંક્ષી પ્રયાસ છે.

### આજ સુધી આવા નેતા જોયા નથી: મુકેશ અંબાણી

# મારી ઈચ્છા છે કે ૨૦૪૭ સુધી નેતૃત્વ કરે PM મોદી

**પ્રધાનમંત્રી મોદીનો ૭૫મો જન્મદિવસ છે : દેશ-વિદેશથી લોકો મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યાં છે**

નવી દિલ્હી, તા.૧૭

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ ઈચ્છા જાહેર કરી છે કે પીએમ નરેન્દ્ર મોદી ૨૦૪૭ સુધી દેશનું નેતૃત્વ કરતા રહે. તેમણે પીએમ નરેન્દ્ર મોદીને ૭૫મા જન્મદિવસની શુભકામનાઓ આપતા આ વાત કહી. મુકેશ અંબાણીએ કહ્યુ કે આજે આપણા ભારતવાસીઓ માટે પર્વનો દિવસ છે. આપણા સન્માનિત અને પ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીનો ૭૫મો જન્મદિવસ છે. હું દેશના કારોબારી સમુદાય, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને અંબાણી પરિવાર તરફથી તેમને જન્મદિવસની શુભેચ્છા આપું છું. મારી ઈચ્છા છે કે તેઓ ૨૦૪૭ સુધી દેશના પ્રધાનમંત્રી રહે, જ્યારે ભારતની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થશે.મુકેશ અંબાણીએ કહ્યુ કે નરેન્દ્ર મોદીએ પહેલા ગુજરાતને ઔદ્યોગિક રાજધાની બનાવી અને હવે દેશની કાયાપલટ કરી રહ્યાં છે. આ સંયોગ નથી કે પીએમ નરેન્દ્ર મોદીનો અમૃત મહોત્સવ પણ ત્યારે આવ્યો છે, જ્યારે દેશની આઝાદીનો અમૃત કાળ ચાલી રહ્યો છે. જીવેત શરદઃ શતમ્. તેમણે કહ્યુ- ઈશ્વરે ખુદ પીએમ નરેન્દ્ર મોદીને અવતાર પુરૂષ તરીકે મોકલ્યા છે, જેથી તે આપણા દેશનું નેતૃત્વ કરે. મેં આજ સુધી આવા નેતા જોયા નથી, જે આ રીતે થાક્યા અને અટક્યા વગર કામ કરતા હોય. હું દેશભરના લોકોની સાથે પીએમ મોદીને જન્મદિવસની શુભેચ્છા આપું છું અને તેમના ઉત્તમ સ્વાસ્થ્યની કામના કરુ છું.પીએમ મોદીના ૭૫મા જન્મદિવસ નિમિતે દેશભરમાં કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. તો ભાજપ તરફથી પણ ઘણા કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યાં છે. પીએમ મોદીને તમામ રાજનેતાઓ સિવાય શાહરૂખ ખાન, આમિર ખાન, કંગના રનૌત સહિત તમામ સિતારાઓએ જન્મદિવસની શુભેચ્છા આપી છે. આ સિવાય અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ પીએમ મોદી સાથે મંગળવારે રાત્રે વાત કરી હતી અને જન્મદિવસની શુભેચ્છા આપી હતી. મહત્વનું છે કે નરેન્દ્ર મોદીના જાહેર જીવનની ૪ દાયકાની યાત્રા સાથે જોડાયેલા અનુભવ પણ ઘણા ભાજપના નેતાએ શેર કર્યા છે.

### ભારતીય મૂળના વ્યક્તિનું હત્યાની ઘટનાના અમેરિકામાં ઘેરા પડઘા

# અમેરિકામાં ઘૂસી આવેલા ક્રૂર વિદેશી ગુનેગારોને દેશમાંથી હાંકી કાઢવાનું એલાન

**ગુનાઈત ઈતિહાસ ધરાવતા ૩૭ વર્ષીય ક્યુબન નાગરિક યોરડાનિસ કોબોસ-માર્ટિનેઝ ડેલાસ ખાતે ડાઉનટાઉન સ્યુટ્સમાં કામ કરતો હતો**

વોશિંગ્ટન, તા.૧૭

અમેરિકાના ડલાસ ખાતે ભારતીય મૂળના મોટેલ મેનેજર ચંદ્રા નાગમલ્લૈહની કરપીણ હત્યાના ગંભીર પડઘા પડ્યા છે. યુએસ ડીપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS) દ્વારા આ ઘટનાની કડક આલોચના કરતા જણાવાયુ હતું કે, પ્રમુખ ટ્રમ્પ અને DHS સેક્રેટરી ક્રિસ્ટી નોએમ હવે અમેરિકામાં નરાધમ અપરાધીઓને અનિશ્ચિત સમય સુધી રહેવા દેશે નહીં. અમેરિકામાં ખૂંખાર અપરાધીઓને અલ સાલ્વાડોરના ટેકોલુકા ખાતે આવેલા ટેરરિઝમ કન્ફાઈનમેન્ટ સેન્ટરમાં ધકેલી દેવાય છે. આ સ્પેશિયલ જેલનો સંદર્ભ આપતાં DHSની એક્સ પોસ્ટમાં કહેવાયુ હતું કે, અમેરિકામાં ગેરકાયદે આવશે તેને ઈસ્વાટિનિ, યુગાન્ડા, સાઉથ સુદાન અથવા CECOTમાં જવું પડશે. ગુનાઈત ઈતિહાસ ધરાવતા 37 વર્ષીય ક્યુબન નાગરિક યોરડાનિસ કોબોસ-માર્ટિનેઝ ડેલાસ ખાતે ડાઉનટાઉન સ્યુટ્સમાં કામ કરતો હતો. તેના મેનેજર 50 વર્ષીય ચંદ્રા નાગામલ્લૈહ હતા. યોરડાનિસે પરિવારની સામે ચંદ્રાનું માથું કાપી નાખ્યુ હતું. યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટે એક્સ પોસ્ટમાં કહ્યું હતું કે, અમેરિકામાં ક્યારેય બહારથી ગેરકાયદે આવેલા ગુનેગારો પ્રથમ હરોળમાં રોઈ શકે નહીં, યોરડાનિસ ક્રૂર રાક્ષસ છે.

યોરડાનિસ કોબોસ-માર્ટિનેઝની અંગે વધુમાં ઈમિગ્રેશન વિભાગે કહ્યું હતું કે, હત્યારાને અગાઉ જેલમાં રખાયો હતો અને તેને પરત ક્યુબા મોકલવાનો હતો. ક્યુબા સરકારે તેને સ્વીકારવાની ના પાડતા બાઈડન સરકારે તેને જેલમાંથી બહાર કાઢ્યો હતો. જેલમાંથી બહાર ન કઢાયો હોત તો ચંદ્રા નાગામલ્લૈહની હત્યા કરત નહીં. આવી ઘટનાઓ રોકવા માટે જ DHS દ્વારા ખૂંખાર અપરાધીઓને ત્રીજા દેશમાં મોકલી દેવાય છે.

### ભાજપ ધારાસભ્યના ઈશારે ગુંડાઓએ કરી મારપીટ

# પાણીનો મુદ્દો ઊઠાવનારા ઈન્ફ્લુએન્સર સાથે મારપીટ

**સૂરજ માલીએ સ્થાનિક ભાજપ ધારાસભ્ય અર્જુન લાલ જિંગરનું પણ નામ લીધું છે અને આરોપ લગાવ્યો છે**

ચિત્તોડગઢ, તા.૧૭

રાજસ્થાનમાંથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. રાજસ્થાનના ચિત્તોડગઢમાં એક સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે આરોપ લગાવ્યો છે કે, મેં ઈન્સ્ટાગ્રામ પર મારા વિસ્તારમાં પાણીની અછતનો મુદ્દો ઉઠાવ્યા બાદ ગુંડાઓ દ્વારા મારા પર હુમલો કરવામાં આવ્યો હતો અને મારા પગ તોડી નાખવામાં આવ્યા. ઈન્ફ્લુએન્સરે પોલીસ ફરિયાદ નોંધાવી છે. સૂરજ માલીએ સ્થાનિક ભાજપ ધારાસભ્ય અર્જુન લાલ જિંગરનું પણ નામ લીધું છે અને આરોપ લગાવ્યો કે તેના ઈશારે જ ગુંડાઓએ મારી પર હુમલો કર્યો હતો.

એક અહેવાલ પ્રમાણે જિંગરે આરોપોનો સીધો જવાબ નથી આપ્યો. જોકે, તેણે કહ્યું કે માલી પર થયેલો હુમલો ખૂબ જ નિંદનીય છે અને તેને કોઈપણ રીતે સહન કરવામાં આવશે નહીં. ચિત્તોડગઢના કાપાસનના રહેવાસી માલીએ પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, હું સોમવારે સાંજે લગભગ ૫:૧૫ વાગ્યે પોતાની શિફ્ટ પૂર્ણ કરીને ફેક્ટરીથી ઘરે પરત ફરી રહ્યો હતો. ત્યારે રસ્તામાં હાઈવે પર મારી બાઈકની સામે એક વ્હાઈટ સ્કોર્પિયો કાર આવીને ઉભી રહી અને તેમાંથી ૬-૭ લોકો બહાર નીકળ્યા અને લોખંડના સળિયા અને પાઈપથી મારા પર હુમલો કર્યો. તેઓએ મને ધમકાવીને કહ્યું કે, તું રોજ પાણીની વાત કરે છે, આજે અમે તને મારીને પાણીમાં ફેંકી દઈશું. પોતાની ફરિયાદમાં સ્થાનિક ભાજપ ધારાસભ્ય અર્જુન લાલ જિંગરનું નામ લેતા માલીએ જણાવ્યું કે, હુમલા પાછળ ધારાસભ્યનો હાથ છે.

માલીએ દાવો કર્યો હતો કે, વીડિયો અપલોડ કરવા માટે મને અગાઉ પણ ધારાસભ્યના ઈશારે ધમકી આપવામાં આવી હતી કે, જો તેં આ વીડિયો બનાવ્યો અને અપલોડ કર્યો, તો તારી સારવાર થઈ જશે.

તેણે કહ્યું કે હુમલાખોરોએ મારી સાથે જે મિત્ર હતો ઉદય લાલ ભીલ તેને પણ ધમકી આપી અને કહ્યું કે, ભાગી જા નહીંતર માર્યો જઈશ. આ ગુંડાઓએ કહ્યું કે, જે પણ પાણીનો મુદ્દો ઉઠાવવાની હિંમત કરશે તેને પાઠ ભણાવવામાં આવશે.

માલીના મિત્ર ઓમ પ્રકાશે જણાવ્યું કે, માલીએ મને જણાવ્યું કે, તેઓ તેને કિડનેપ કરવા માગતા હતા અને તેને કારમાં નાખવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ તેણે પોતાના મિત્ર ઉદય લાલને પકડી રાખ્યો હતો અને તેને જવા નહોતો દીધો. તેથી તેણે લોખંડના સળિયા અને પાઈપથી મારવાનું શરૂ કરી દીધું. જેવી ગાડી રોકાઈ અને આજુબાજુ લોકો એકઠા થઈ જતા, તેઓ ત્યાંથી ભાગી ગયા.

તેની ફરિયાદ બાદ સ્થાનિક પોલીસે હત્યાનો પ્રયાસ અને રમખાણો સહિત અનેક કલમો હેઠળ FIR નોંધી છે. કાપાસન પોલીસ સ્ટેશનના એસએચઓ રતન સિંહે જણાવ્યું કે, અજાણ્યા વ્યક્તિઓ સામે FIR દાખલ કરી લેવામાં આવી છે અને પોલીસે કેટલાક સાક્ષીઓના નિવેદનો પણ નોંધ્યા છે. સૂરજ પાછળ બેઠો હતો અને તેનો મિત્ર (ઉદય લાલ) ગાડી ચલાવી રહ્યો હતો. હજુ સુધી કોઈની અટકાયત કરવામાં આવી નથી. પ્રકાશે જણાવ્યું કે, માલી થોડા મહિનાઓથી વીડિયો બનાવી રહ્યો હતો. થોડા દિવસ પહેલા તે જે કંપનીમાં કામ કરે છે તેણે તેને કહ્યું કે તારા પર દબાણ છે અને તારે વીડિયો બનાવવાનું અને પોસ્ટ કરવાનું બંધ કરી દેવું જોઈએ. તે સંમત થયો અને કહ્યું કે, હું હવે વીડિયો પોસ્ટ નહીં કરીશ. જોકે, તેણે તાજેતરમાં ફરીથી કેટલાક વીડિયો પોસ્ટ કર્યા. કંપનીએ તેને પાછો બોલાવ્યો અને તેના પિતા સાથે પણ વાત કરી. પિતાએ તેમને ખાતરી આપી કે, હવે તે વીડિયો નહીં બનાવશે, અને તે તેના પર સંમત પણ થઈ ગયો.

માલીની સરવારમાં મદદ કરી રહેલા એક સ્થાનિક વ્યક્તિએ કહ્યું કે, તેના વીડિયોમાં કોઈ રાજકીય કાવતરું નહોતું. તે એક ગરીબ પરિવારમાંથી આવે છે અને કોઈ પણ પક્ષ સાથે જોડાયેલો નથી. તે માત્ર પોતાના સ્થાનિક ધારાસભ્યને ચૂંટણી વચનોની યાદ અપાવી રહ્યો હતો.

કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોટાસરાએ કહ્યું કે, સૂરજ માલીના પગ એટલા માટે તોડી નાખવામાં આવ્યા, કારણ કે તેણે સ્થાનિક ભાજપ ધારાસભ્ય અર્જુન લાલને સોશિયલ મીડિયા પર તેમના ચૂંટણી વચનની યાદ અપાવી હતી અને વિસ્તાર માટે પાણીની માગણી કરી હતી. ભાજપ ધારાસભ્ય દ્વારા ધમકીઓ અને ત્યારબાદ ખૂની હુમલાની આ ઘટના ભાજપ સરકારના જંગલ રાજ અને સરમુખત્યારશાહી વલણનું જીવંત ઉદાહરણ છે. રિપોર્ટમાં ભાજપના ધારાસભ્યનું નામ આરોપી તરીકે છે, પરંતુ પોલીસે હજુ સુધી કોઈ કાર્યવાહી નથી કરી.

### ૨૦૦૨ અને હાલ ૨૦૨૫ ની મતદાર યાદીની સરખામણી થશે

# કોંગ્રેસના વિરોધ વચ્ચે મતદાર યાદી થશે અપડેટ

**સરકારી આદેશો અનુસાર, આ અભિયાન માટે બૂથ લેવલ ઓફિસર્સ (BLO) ને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે**

નવી દિલ્હી, તા.૧૭

રાજ્ય સરકાર દ્વારા આગામી ખાસ સઘન સુધારણા (SIR) ૨૦૨૬ ના ભાગરૂપે મતદાર યાદીને અપડેટ કરવા માટે એક મહત્વપૂર્ણ અને સંભવિત વિવાદાસ્પદ કવાયત હાથ ધરવામાં આવી રહી છે. આ પ્રક્રિયા અંતર્ગત વર્ષ ૨૦૦૨ અને ૨૦૨૫ની મતદાર યાદીઓની ઝીણવટભરી સરખામણી કરવામાં આવશે, જેની સામે કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા છે. આ સમગ્ર કામગીરી પૂર્ણ કરવા માટેની અંતિમ તારીખ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ નક્કી કરવામાં આવી છે.સરકારી આદેશો અનુસાર, આ અભિયાન માટે બૂથ લેવલ ઓફિસર્સ (BLO) ને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. આ કામગીરી માટે ૨૦૦૨ ની છાપેલી મતદાર યાદી, ૨૦૨૫ ની અંતિમ મતદાર યાદી, તેમજ એપ્રિલ અને જુલાઈ ૨૦૨૫ ની પૂરક યાદીઓનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત ટેકનોલોજીનો ઉપયોગ કરીને ૨૦૦૨ ની યાદીને યુનિકોડમાં રૂપાંતરિત કરી તેનો પણ સહારો લેવાશે.આ અંગે સરકાર દ્વારા કરવામાં આવેલા આદેશ મુજબ ગામના BLO એ ૨૦૦૨ની મતદાર યાદી સાથે બેઠક કરવી, ૨૦૦૨ અને ૨૦૨૫ની મતદાર યાદીના સામાન્ય વિભાગોને ઓળખવા. BLO નું મુખ્ય કાર્ય ૨૦૦૨ની યાદીમાં સામેલ મતદારોને ૨૦૨૫ની વર્તમાન યાદીમાં શોધવાનું રહેશે. આ માટે ૨૦૨૫ની મુખ્ય યાદી, તેની પૂરક યાદીઓ અને BLO એપમાં તાજેતરમાં ઉમેરાયેલા નામોની પણ ચકાસણી થશે. ૨૦૦૨ની મતદાર યાદીમાં હાલના મતદારોને શોધવા (જેમાં ૨૦૨૫ની મતદાર યાદી, તેની પૂરક યાદીઓ અને જુલાઈ ૨૦૨૫થી અત્યાર સુધી BLO એપમાં ઉમેરાયેલા હાલના મતદારોનો સમાવેશ થાય છે. આ મહત્વપૂર્ણ કામગીરી માટે રાજ્યના સરકારી પ્રાથમિક શિક્ષકોને પણ સૂચનાઓ આપી દેવામાં આવી છે અને લેખિતમાં પરિપત્ર દ્વારા આદેશો જારી કરી દેવામાં આવ્યા છે.ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ગુજરાત કોંગ્રેસ દ્વારા રાજ્યની મતદાર યાદીમાં લાખોની સંખ્યામાં બોગસ મતદારો હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. કોંગ્રેસનો આરોપ છે કે આ પ્રકારની કવાયત પાછળ સરકારનો ઈરાદો રાજકીય લાભ મેળવવાનો હોઈ શકે છે અને ચોક્કસ મતદારોના નામ કમી કરવાનો પ્રયાસ થઈ શકે છે. પાર્ટીએ આ સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા અને રાજકીય પક્ષોને વિશ્વાસમાં લેવાની માંગ કરી છે.

### કાયદા બન્યાના ત્રણ-ચાર વર્ષ પછી અચાનક સ્ટેની માગણી કરવામાં આવી છેઃ સરકાર

# ધર્માંતરણ વિરોધી કાયદા સંદર્ભે ગુજરાત સહિતના રાજ્યો પાસે સુપ્રીમે જવાબ માગ્યો

**રાજ્યો તરફથી જવાબ મળ્યા બાદ સુપ્રીમ કોર્ટ દ્વારા સંબંધિત રાજ્યોના કાયદા સામે સ્ટે આપવાનો નિર્ણય લેવામાં આવશે**

નવી દિલ્હી, તા.૧૭

ગુજરાત સહિત કેટલાક રાજ્યોમાં ધર્માંતરણ વિરોધી કાયદો બન્યો છે. આ કાયદાના અમલ પર સ્ટેની માગણી સાથે સુપ્રીમ કોર્ટમાં સંખ્યાબંધ અરજીઓ થયેલી છે. આ અરજીઓની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ગુજરાત સહિતના રાજ્યોને પોતાનું વલણ સ્પષ્ટ કરવા નિર્દેશ આપ્યા છે. રાજ્યો તરફથી જવાબ મળ્યા બાદ સુપ્રીમ કોર્ટ દ્વારા સંબંધિત રાજ્યોના કાયદા સામે સ્ટે આપવાનો નિર્ણય લેવામાં આવશે. ચીફ જસ્ટિસ બી આર ગવઈ અને જસ્ટિસ કે વિનોદ ચંદ્રનની બેન્ચે અરજીઓની સુનાવણી દરમિયાન સ્ટે આપવાની રજૂઆતને ફગાવી દીધી હતી. કોર્ટે સંબંધિત રાજ્યોને ચાર સપ્તાહમાં પોતાના જવાબ રજૂ કરવા અને ત્યારબાદના બે સપ્તાહમાં રીજોઈન્ડર રજૂ કરવા અરજદારને નિર્દેશ આપ્યા હતા. આ કેસની આગામી સુનાવણી છ અઠવાડિયા બાદ રાખવામાં આવશે. જો કે તે દરમિયાન સ્ટે આપવાની દાદને સુપ્રીમ કોર્ટે ગ્રાહ્ય રાખી ન હતી. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, છત્તીસગઢ, હરિયાણા, ગુજરાત ઝારખંડ અને કર્ણાટકમાં રાજ્ય સરકારોએ ધર્માંતરણ વિરોધી કાયદો બનાવેલો છે. આ કાયદો બંધારણનો ભંગ કરતી હોવાના દાવા સાથે અરજીઓ થયેલી છે. સુનાવણી દરમિયાન લગ્નના કારણે અથવા અન્ય માધ્યમો દ્વારા થતાં ધર્મ પરિવર્તનના પાસા અંગે દલીલો થઈ હતી. ઉત્તર પ્રદેશ સરકાર સામે અરજી કરનારા સિનિયર એડવોકેટ સી યુ સિંઘે દલીલ કરી હતી કે, ઉત્તર પ્રદેશ સરકારનો કાયદો વધુ દમનકારી છે. તેનાથી અન્ય ધર્મમાં લગ્ન કરનાર વ્યક્તિ માટે જામીન મેળવવાનું પણ અશક્ય બનશે.ઉત્તર પ્રદેશમાં આ પ્રકારના કેસમાં ત્રીજા પક્ષને પણ ફરિયાદ નોંધાવવાની મંજૂરી મળે છે, જેના કારણે આંતરધર્મીય લગ્નો બાબતે ટોળું સંકળાય ત્યારે હેરાનગતિ થવાનું જોખમ છે. સરકાર તરફથી એડિશનલ સોલિસિટર જનરલ કે એમ નટરાજે રજૂઆત કરી હતી કે, ત્રણ ચાર વર્ષ થયા પછી અચાનક સ્ટે માટે માગણી કરવામાં આવી છે. તેથી વચગાળાની રાહત આપી શકાય નહીં. સરકાર તરફથી જવાબ રજૂ કરવામાં આવશે.

### NOTAM જાહેર

# ભારત બંગાળની ખાડીમાં વધુ એક મિસાઇલ પરીક્ષણની તૈયારીમાં

**આ પરીક્ષણ ૧૪૦૦ કિલોમીટરથી વધુની રેન્જ ધરાવતી શક્તિશાળી અને લાંબા અંતરની મિસાઇલનું હોઈ શકે**

નવી દિલ્હી, તા.૧૭

ભારત ૨૪ અને ૨૫ સપ્ટેમ્બર દરમિયાન બંગાળની ખાડીમાં એક વ્યૂહાત્મક મિસાઈલ પરીક્ષણની તૈયારી કરી રહ્યું છે. આ માટે NOTAM (નોટિસ ટુ એરમેન) જાહેર કરીને બંગાળની ખાડીના એક ભાગને નો-ફ્લાય ઝોન જાહેર કરવામાં આવ્યો છે. ઓડિશાના અબ્દુલ કલામ ટાપુ પરથી થનારું આ પરીક્ષણ ૧૪૦૦ કિલોમીટરથી વધુની રેન્જ ધરાવતી શક્તિશાળી અને લાંબા અંતરની મિસાઈલનું હોઈ શકે છે.

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) એક મોટા મિસાઈલ પરીક્ષણની તૈયારી કરી રહ્યું છે, જે અગ્નિ-પ્રાઈમ (Agni-P) હોઈ શકે છે. આ નવી પેઢીની મધ્યમ-અંતરની બેલિસ્ટિક મિસાઈલ છે, જેની રેન્જ ૧૦૦૦થી ૨૦૦૦ કિલોમીટર સુધીની છે. NOTAMમાં દર્શાવેલ ૧૪૦૦ કિલોમીટરથી વધુના અંતરના કારણે, એવું માનવામાં આવે છે કે આ એક અત્યંત વ્યૂહાત્મક અને શક્તિશાળી મિસાઈલનું પરીક્ષણ છે. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ, આ પગલું ભારતની સુરક્ષાને વધુ મજબૂત બનાવવામાં DRDOનું એક મોટું યોગદાન છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં DRDOએ લાંબા અંતરની બેલિસ્ટિક અને ક્રુઝ મિસાઈલોના વિકાસમાં જબરદસ્ત પ્રગતિ કરી છે. આનાથી ભારતની પ્રાદેશિક શક્તિ અને સૈન્ય ક્ષમતા મજબૂત થઈ છે. એક અન્ય સૂત્રએ જણાવ્યું કે આવનારા અઠવાડિયામાં ઘણા વધુ મિસાઈલ પરીક્ષણો થવાના છે. આમાં જુદી જુદી વ્યૂહાત્મક ભૂમિકાઓ માટે મિસાઈલોનો સમાવેશ થાય છે.

ભારતની આસપાસ સુરક્ષા પડકારો વધી રહ્યા છે. પાડોશી દેશોની સૈન્ય ગતિવિધિઓ અને વૈશ્વિક તણાવ વચ્ચે ભારતે તેની સંરક્ષણ પ્રણાલીને મજબૂત બનાવવી જરૂરી છે. અગ્નિ-પ્રાઈમ અને અન્ય મિસાઈલો ભારતને વ્યૂહાત્મક શક્તિ પ્રદાન કરે છે, જેનાથી તે કોઈપણ ખતરાનો જવાબ આપી શકે છે. આ પરીક્ષણો ભારતના આત્મનિર્ભર સંરક્ષણ કાર્યક્રમનો એક ભાગ છે, જે સ્વદેશી ટેકનોલોજી પર ભાર મૂકે છે.

પરીક્ષણ માટે તમામ જરૂરી સુરક્ષા પ્રોટોકોલ અને તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી રહી છે. નો-ફ્લાય ઝોન એ સુનિશ્ચિત કરશે કે નાગરિક અને વાણિજ્યિક ઉડ્ડયનમાં કોઈ અવરોધ ન આવે. પરીક્ષણ પછી મિસાઈલના પ્રકાર અને તેની ક્ષમતાઓ વિશે વધુ માહિતી આપવામાં આવશે.

ભારતનું આ મિસાઈલ પરીક્ષણ તેની વધતી સૈન્ય શક્તિ અને આત્મનિર્ભરતાનું પ્રતીક છે. અગ્નિ-પ્રાઈમ જેવા અદ્યતન હથિયારો ભારતને પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે મજબૂત બનાવે છે. DRDOના સતત પ્રયાસોથી ભારતનો મિસાઈલ ભંડાર અને સંરક્ષણ પ્રણાલી દિવસેને દિવસે વધુ સશક્ત થઈ રહી છે. ૨૪-૨૫ સપ્ટેમ્બરનું આ પરીક્ષણ ભારતની સંરક્ષણ યાત્રામાં વધુ એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.

### મહિલાઓને સતામણીથી બચાવતા કાયદા હેઠળ પાર્ટીઓને લાવવાનો ઇનકાર

# રાજકીય પક્ષોને POSH ધારા હેઠળ લાવવા મધપૂડો છંછેડવા સમાન : SC

**સર્વોચ્ચ અદાલત ૨૦૨૨ના કેરળ હાઈકોર્ટના ચુકાદા સામેની અપીલ પર સુનાવણી કરી રહી હતી**

નવી દિલ્હી, તા.૧૭

રજિસ્ટર્ડ રાજકીય પક્ષોને કાર્યસ્થળ પર મહિલાઓના જાતીય સતામણી નિવારણ ધારા હેઠળ લાવવાની માગણી કરતી એક અરજીને ફગાવી દઈ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે રાજકીય પક્ષો પર POSH એક્ટ લાગુ કરવાની બાબત મધપૂડો છંછેડવા જેવી છે અને તે બ્લેકમેલ અને દુરુપયોગનું સાધન બનશે.કાર્યસ્થળ પર મહિલાઓને જાતીય સતામણીથી બચાવવા અને સલામત કાર્યસ્થળ વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે 2013માં કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી (પ્રતિબંધ અને નિવારણ) ધારો (POSH) ઘડવામાં આવ્યો હતો. ભારતના મુખ્ય ન્યાયાધીશ બી આર ગવઈ અને ન્યાયાધીશ કે વિનોદ ચંદ્રન અને અતુલ એસ. ચંદુરકરની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે રાજકીય પક્ષો પર POSH એક્ટ લાગુ કરવાની બાબત મધપૂડો છંછેડવા જેવી છે અને તે બ્લેકમેલ અને દુરુપયોગનું સાધન બનશે. તમે રાજકીય પક્ષોને કાર્યસ્થળ તરીકે કેવી રીતે સરખાવો છો? કોઈ વ્યક્તિ રાજકીય પક્ષમાં જોડાય છે, ત્યારે તે નોકરી પર જોડાતો નથી. તે નોકરી નથી, કારણ કે તેઓ પોતાની મરજીથી અને મહેનતાણા વગર રાજકીય પક્ષોમાં જોડાય છે.કાર્યસ્થળ પર જાતીય સતામણી સામેના કાયદામાં રાજકીય પક્ષોનો સમાવેશ કેવી રીતે થઈ શકે? તેનાથી રાજકીય પક્ષોના સભ્યોને બ્લેકમેલ કરવા માટે પેન્ડોરા બોક્સ ખોલશે. સર્વોચ્ચ અદાલત 2022ના કેરળ હાઈકોર્ટના ચુકાદા સામેની અપીલ પર સુનાવણી કરી રહી હતી.કેરળ હાઈકોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે રાજકીય પક્ષોમાં કર્મચારી-નોકરીદાતા જેવો સંબંધ હોતો નથી, તેથી રાજકીય પક્ષો આંતરિક ફરિયાદ સમિતિ ની રચના માટે બંધાયેલા નથી. અરજદાર યોગમાયા એમજી વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ શોભા ગુપ્તાએ રજૂઆત કરી હતી કે ઘણી મહિલાઓ રાજકીય પક્ષોની સક્રિય સભ્યો હોવા છતાં એકમાત્ર સીપીએમમાં આંતરિક ફરિયાદ સમિતિ છે.

### કેનેડામાં ખાલિસ્તાનીઓને મદદ મળી રહી છે

# કેનેડામાં ખાલિસ્તાનીઓએ ભારતીય વાણિજ્ય દૂતાવાસ પર કબજો કરવાની ધમકી ઉચ્ચારી

નવી દિલ્હી, તા.૧૭


કેનેડામાં ભારત વિરુદ્ધ ખાલિસ્તાન સમર્થકોનો વિરોધ ફરી એકવાર ભડકી ઉઠ્યો છે. અહેવાલ છે કે SFJ એટલે કે શીખ્સ ફોર જસ્ટિસે વાનકુવરમાં ભારતીય કોન્સ્યુલેટ પર કબજો કરવાની ધમકી આપી છે. એટલું જ નહીં, ભારતીયોને તે વિસ્તારમાં ન જવાની ચેતવણી પણ આપવામાં આવી છે. જોકે, ભારત કે કેનેડિયન સરકાર દ્વારા આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ખાલિસ્તાની જૂથે ગુરુવારે કોન્સ્યુલેટની મુલાકાત લેવાનું આયોજન કરી રહેલા લોકોને અલગ તારીખ પસંદ કરવા કહ્યું છે. SFJ દ્વારા એક પોસ્ટર પણ બહાર પાડવામાં આવ્યું છે, જેમાં કેનેડામાં નવા ભારતીય હાઈ કમિશનર દિનેશ પટનાયકનો ફોટો છે. તેમના ચહેરા પર નિશાન બનાવવાના ચિહ્નો છે. આરોપો લગાવવામાં આવી રહ્યા છે કે ભારતીય કોન્સ્યુલેટ દ્વારા જાસૂસી નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું છે.ખાલિસ્તાની જૂથનો આરોપ છે કે કોન્સ્યુલેટ દ્વારા ખાલિસ્તાનીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને તેમની દેખરેખ રાખવામાં આવી રહી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'બે વર્ષ પહેલા 18 સપ્ટેમ્બર, 2023 ના રોજ, વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ સંસદમાં કહ્યું હતું કે હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની ભૂમિકાની તપાસ ચાલી રહી છે.' તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, 'બે વર્ષ થઈ ગયા છે અને ભારતીય કોન્સ્યુલેટ ખાલિસ્તાની જનમતના પ્રચારકોને નિશાન બનાવીને જાસૂસી નેટવર્ક ચલાવી રહ્યું છે.'ગયા અઠવાડિયે બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઓછામાં ઓછા બે ખાલિસ્તાની ઉગ્રવાદી જૂથોને કેનેડાની અંદરથી નાણાકીય સહાય મળી છે. '2025 એસેસમેન્ટ ઓફ મની લોન્ડરિંગ એન્ડ ટેરરિસ્ટ ફાઈનાન્સિંગ રિસ્ક ઈન કેનેડા' શીર્ષક હેઠળના અહેવાલમાં કેનેડાની અંદરથી નાણાકીય સહાય મેળવતા ખાલિસ્તાની ઉગ્રવાદી જૂથોને બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ અને ઈન્ટરનેશનલ શીખ યુથ ફેડરેશન તરીકે ઓળખવામાં આવ્યા છે.

### સ્વદેશી કોઈ વિકલ્પ નથી, આપણી ફરજ છે – ડો. ભરત કાનાબાર

# અમરેલીમાં અનુકંપા ફાઉન્ડેશન આયોજીત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ જાતે સ્વદેશીના સ્ટીકર દુકાનો પર લગાવશે

**કાર્યક્રમના આયોજન માટે આજે રાત્રે વેપારી સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓની મીટીંગ**







અમરેલી, તા. ૧૭

અમરેલી સ્થિત અનુકંપા ફાઉન્ડેશન છેલ્લા કેટલાંક સમયથી સ્વદેશી અભિયાન ચલાવી રહયું છે. સંસ્થાના પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબારે ગયા અઠવાડીયે સામાન્ય નાગરિક પણ સ્વદેશી અને વિદેશી વસ્તુઓ સહેલાઈથી પારખી શકે તે માટે એક કલર સીમ્બોલ અને આત્મનિર્ભર ભારતનો લોગો રજુ કરેલ. અમરેલી સ્થિત શીતલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આ સીમ્બોલ અને લોગો તેની ચાર પ્રોડકટ પર લગાડવાનું શરૂ કરી દીધું છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ "સ્વદેશી ચળ વળ"ને ખુબજ મહત્વ આપી તેમના જાહેર ભાષણોમાં સ્વદેશી અપનાવવાની અને "વોકલ ફોર લોકલ" અંગે લોકોને અપીલ કરે છે. નરેન્દ્રભાઈ મોદીના શબ્દોમાં જે વસ્તુના ઉત્પાદનમાં ભારતના શ્રમિકોનો પરસેવો પડયો છે તે તમામ વસ્તુઓ સ્વદેશી છે અને લોકો સ્વદેશી ઉત્પાદનો વાપરે અને વેપારીઓ પણ સ્વદેશી ઉત્પાદનો વેચે તેવી હાકલ કરી છે.

નરેન્દ્રભાઈ મોદીની આ અપીલ અંતર્ગત અનુકંપા ફાઉન્ડેશન–અમરેલી દ્વારા તા.૨૧ સપ્ટેમ્બરના રવિવારે એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં "મને ગર્વ છે કે મારે ત્યાં માત્ર સ્વદેશી ઉત્પાદનોજ વેચાય છે" એ પ્રકારના સ્ટીકરો દુકાનો પર લગાડવાનો કાર્યક્રમ અમરેલીના ટાવર ચોકમાં યોજાશે. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી માનનીય ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે અને ટાવર ચોકમાં દુકાનો પર આ પ્રકારના સ્ટીકરો જાતે લગાડશે.

મુખ્યમંત્રીના સ્વદેશી અભિયાનમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સાંસદ ભરતભાઈ સુતરીયા, દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા, હીરાભાઈ સોલંકી, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પી.પી. સોજીત્રા, માર્કેટ યાર્ડના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, હીરેનભાઈ હિરપરા, દિનેશભાઈ પોપટ, મુકેશભાઈ સંઘાણી, અશ્વિનભાઈ સાવલીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહેનાર છે.

અનુકંપા ફાઉન્ડેશનના પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબારના જણાવ્યાં મુજબ આ કાર્યક્રમના સફળ આયોજન માટે અમરેલી શહેર અને જીલ્લાના વિવિધ વ્યાપારી સંગઠનો, જીલ્લાના તાલુકાના વ્યાપારી સંગઠનો, ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝના વિવિધ સંગઠનો તથા અમરેલી શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓની એક મીટીંગ આજે રાત્રે ૯:૩૦ વાગે અજમેરા સ્કુલના ઉપરના હોલમાં રાખેલ છે.

### સ્વસ્થ નારી, સશક્ત પરિવાર પખવાડીયા અભિયાન અંતર્ગત

# ચિતલનાં સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો

**કુલ ૨૩૯ દર્દીઓ એ લાભ લીધો**



તસ્વીર : હર્ષદ ત્રિવેદી–ચિતલ

ચિતલ, તા. ૧૭

સા.આ.કે–ચિતલ ખાતે રાજય સરકારની પહેલ તેમજ માન.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, અમરેલી ધ્વારા સુચના અન્વયે સ્વસ્થ નારી, સશકત પરિવાર પખવાડીયા અભિયાન કેમ્પનું ભવ્ય આયોજન સવારે ૯ કલાક થી ૧ કલાક સુધી કરવામાં આવેલ. જેમાં ડો. ધર્મેશ. પી. ગાંધી, અધિકારી સા.આ.કે–ચિતલ અને સુરેશભાઈ. કે. પાથર–ઉપપ્રમુખ જિલ્લા પંચાયત રઘુવિરસિંહ સરવૈયા, ઉપસરપંચ ચિતલ મનસુખભાઈ નાડોદા, રંજનબેન ડાભી અને રંજનબેન બાબરીયા તેમજ જયંતીભાઈ ચૌહાણ વિગરે ધ્વારા કેમ્પની શરૂઆત દિપ પ્રાગ્ટય કરી કરવામાં આવેલ.

ઉપરોકત કેમ્પમાં સ્ત્રીરોગ નિષ્ણાંત (ગાયનેક), બાળક રોગ નિષ્ણાંત (પીડીયાટીક) તથા ચાકડી રોગ નિષ્ણાંત તેમજ માનસીક રોગ નિષ્ણાંત વિગેરે તજજ્ઞો એ સેવા આપેલ .જેમાં ચિતલ, જશવંતગઢ તેમજ આજુ–બાજુ ગામના ગ્રામજનો ધ્વારા કુલ ૨૩૯ દર્દીઓ એ લાભ લીધેલ હતો. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન હરેશભાઈ બાબરીયા તથા ફરીદભાઈ એમ.સોલંકી, સા.આ.કે–ચિતલ ધ્વારા કરવામાં આવેલ હતું.

### ચૂંટણી પંચની મોટી જાહેરાત

# હવે EVMમાં ઉમેદવારોનો રંગીન ફોટો આવશે, સીરિયલ નંબર પણ ક્લિયર દેખાશે

**ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા વધારવા અને મતદારોને સુવિધા આપવા ચૂંટણી પંચે નવી ગાઈડલાઈન જાહેર કરી**

નવી દિલ્હી, તા.૧૭

બિહારમાં ટૂંક સમયમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન થશે. ચૂંટણી પંચે હજુ સુધી તારીખો જાહેર કરી નથી. જોકે, મતદાનની તારીખોની જાહેરાત પહેલા નવી માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. પંચ બિહારમાં એક નવો પ્રયોગ શરૂ કરી રહ્યું છે, જે હેઠળ EVM મતપત્રોમાં હવે ઉમેદવારોના કલર ફોટો હશે. પહેલાં આ બ્લેક એન્ડ વ્હાઈટ હતા.

ચૂંટણી પંચે માર્ગદર્શિકા જારી કરી છે જેના હેઠળ ઉમેદવારોના ફોટા હવે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) મતપત્રો પર કલર ફોટો છાપવામાં આવશે. આ પ્રયોગ શરૂઆતમાં બિહારમાં હાથ ધરવામાં આવી રહ્યો છે, અને પછીથી અન્ય રાજ્યોમાં લાગુ કરવામાં આવશે. નવા ફેરફાર હેઠળ ઉમેદવારનો ચહેરો મતપત્રના ત્રણ ચતુર્થાંશ ભાગ પર હશે. જે મતદાતા ઓળખને સરળ બનાવશે. વધુમાં હવે સીરીયલ નંબરને વધુ મહત્વ આપવામાં આવશે. ચૂંટણીમાં પારદર્શિતાને પ્રોત્સાહન આપવા અને મતદાતાઓની સુવિધાને સરળ બનાવવા માટે આ પહેલ કરવામાં આવી છે. આ નવા ફેરફારો ચૂંટણી પ્રક્રિયાને વધુ લોકશાહી, ન્યાયી અને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. બિહારથી શરૂ થતા આ સુધારાઓ ટૂંક સમયમાં સમગ્ર ભારતમાં લાગુ કરવાની યોજના છે, જે સમગ્ર દેશમાં ચૂંટણીની ગુણવત્તા અને વિશ્વસનીયતામાં સુધારો કરશે.EVMએ એક મશીન છે જેનો ઉપયોગ ચૂંટણીમાં મતદાન કરવા માટે થાય છે. મતદાતાઓ ફક્ત તેમના મનપસંદ ઉમેદવારને મત આપવા માટે એક બટન દબાવતા હોય છે અને આ મત સીધો મશીનમાં નોંધાય છે. પ્રથમ વખત ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં ભારતભરની બધી બેઠકો પર EVMનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### તમામ રાજકીય પક્ષો ટેન્શનમાં

# બિહારમાં ૨૪૩ બેઠક પર શંકરાચાર્ય ઉતારશે "ગૌભક્ત" ઉમેદવાર

**તેમણે આ જાહેરાત ગૌ મતદાતા સંકલ્પ યાત્રા દરમિયાન કરી**

પટણા, તા.૧૭

બિહાર વિધાસભા ચૂંટણી ૨૦૨૫થી રાજકારણ ગરમાયું છે. સનાતન ધર્મ અને ગૌ રક્ષા મુદ્દે ફરી એકવાર વિવાદ સર્જાયો છે. આ વિવાદ વચ્ચે જ્યોતિષ પીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુકતેશ્વરાનંદ સરસ્વતી રાજકારણમાં ઝંપલાવી રહ્યા છે. તેમણે જાહેરાત કરી છે કે, તેમની આગેવાની હેઠળ બિહારની તમામ ૨૪૩ વિધાનસભા બેઠક પર ગૌ ભક્ત ઉમેદવારને ચૂંટણીના મેદાનમાં ઉતારશે.

તેમણે આ જાહેરાત ગૌ મતદાતા સંકલ્પ યાત્રા દરમિયાન કરી હતી. તેમણે ફારબિસગંજના લક્ષ્મી નારાયણ ઠાકુરવાડીમાં ગૌ રક્ષકો અને સનાતન ભક્તોની ભીડ વચ્ચે સ્પષ્ટ જાહેરાત કરી હતી કે, ગાયનું સંરક્ષણ જ સનાતન ધર્મ અને ભારતીય સમાજની વાસ્તવિક રક્ષા છે. વર્તમાન રાજકીય પક્ષ માત્ર વેશભૂષામાં સનાતની હોવાનું નાટક કરે છે. પરંતુ વાસ્તવમાં તેમના કાર્યોમાં ગૌ માતા કે સનાતન ધર્મની ચિંતા જોવા મળતી નથી. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે જણાવ્યું હતું કે, મેં તમામ રાષ્ટ્રીય પક્ષો સાથે મુલાકાત લીધી છે, અને સંસદમાં 'ગૌ માતાને રાષ્ટ્ર માતા' જાહેર કરવાની માગ કરી છે, પરંતુ અત્યારસુધી કોઈ પક્ષે સ્પષ્ટ સમર્થન આપ્યું નથી. ધર્મ અને ગૌ સંરક્ષણ માટે હવે અમારૂ સંગઠન ચૂંટણીના મેદાનમાં ઉતરશે. વધુમાં તેમણે કહ્યું કે, અમે તમામ ઉમેદવારોના પક્ષમાં ચૂંટણી પ્રચાર કરીશું અને સનાતની મતદાતાઓને આહ્વાન કરીશું કે, તેઓ ગૌ ભક્ત ઉમેદવારની પસંદગી કરે. ફારબિસગંજમાં હજારો સનાતન ધર્મ પ્રેમીઓને ગૌ માતા અને સનાતન ધર્મની રક્ષા માટે મતદાન કરવા શપથ લેવડાવ્યા હતા.

શંકરાચાર્યે બિહારમાં સતત વધતી પશુ વધશાળાઓ અને ગૌ હત્યા પર પણ રાજ્ય સરકારની નીતિઓ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, ગાયની રક્ષા પર આજ સુધી કોઈપણ સરકારે આકરી નીતિ લીધી નથી. સરકારે માત્ર રાજકારણ કર્યું છે. પરંતુ સનાતન ધર્મનું અપમાન ચૂપચાપ સહન કર્યુ છે. બિહારના ચૂંટણી માહોલમાં શંકરાચાર્યની આ પહેલ સનાતન રાજનીતિનો નવો મોરચો જોવા મળ્યો છે. શું ગૌ ભક્ત ઉમેદવાર નવા સમીકરણ રચી શકશે, તેની અસર મર્યાદિત રહેશે કે કેમ, તે જોવાનું રહેશે.

### ભૂલકાંઓના વાલીઓના અનોખા વોટ્સએપ ગ્રુપ

# અમરેલી જિલ્લામાં આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા અંદાજે ૧,૪૫૫ વોટ્સએપ ગ્રુપનું સંચાલન : કુલ ૧૬,૦૦૦થી વધુ વાલીઓ જોડાયેલા છે

**આંગણવાડીમાં થતી પ્રવૃત્તિઓ અને વાલીઓ વચ્ચે વોટ્સએપ ગ્રુપ સેતુરૂપ બન્યાં**



અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં લગભગ ૧,૪૫૫ જેટલી આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા એક અનોખું વોટ્સએપ ગ્રુપ ચલાવવામાં આવી રહ્યું છે, જેના માધ્યમથી વાલીઓને પોતાના વ્હાલસોયા દિકરા–દીકરીના શારીરિક માનસિક વિકાસ અને આંગણવાડી કેન્દ્રમાં થતી પ્રવૃત્તિઓની અપડેટ મળી રહે છે.

ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં આંગણવાડીમાં આવતા બાળ કોના વાલીઓ ખેતી વગેરે કાર્યમાં જોડાયેલા હોય, ઘણી વખત આંગણવાડી કેન્દ્રમાં પોતાનું બાળક શું પ્રવૃત્તિઓ કરી રહ્યો છે. તેનો ખ્યાલ સંજોગોવસાત લઈ શકાતો નથી. આ સ્થિતિમાં વોટ્સએપના માધ્યમથી આંગણવાડી કેન્દ્રમાં દરેક વાલીઓ પ્રવૃત્તિઓથી અવગત રહે છે.

આ સંદર્ભે પ્રોગ્રામ ઓફિસર દક્ષાબેન ભટ્ટ કહે છે કે, જિલ્લામાં અંદાજે ૧,૪૫૫ આંગણવાડી કેન્દ્રના એટલે કે, દરેક આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા આ વાલીઓના વોટ્સએપ ગ્રુપ સંચાલિત કરવામાં આવે છે. આ ૧,૪૫૫ ગ્રુપના માધ્યમથી અંદાજે ૧૬ હજારથી વધુ વાલીઓ આ પ્રકારના વોટ્સએપ ગ્રુપમાં જોડાયેલા છે.

તેમણે કહ્યું કે, ''મારી વિકાસયાત્રા'' નામની નિયત નમૂનામાં દરેક આંગણવાડીના બાળકોની એક બુક આંગણવાડી કાર્યકર બહેન દ્વારા ભરવામાં આવે છે. જેમાં બાળકના શારીરિક–માનસિક વિકાસની વિગતો ભરવામાં આવે છે. આ બુકને પણ વોટ્સએપ ગ્રુપમાં મૂકવામાં આવે છે. આ સાથે રાજયકક્ષાએથી નિર્ધારિત થયેલા કેલેન્ડર મુજબની પ્રવૃત્તિના ફોટોગ્રાફસ પણ વાલીઓના વોટ્સ એપ ગ્રુપમાં મૂકવામાં આવે છે.

તેઓ કહે છે કે, બાળક સંજોગોવસાત કોઈ દિવસ આંગણવાડી કેન્દ્ર આવી શક્યો નથી, ત્યારે બાળકના વાલીને ખ્યાલ આવે છે કે, આંગણવાડી કેન્દ્રમાં કઈ પ્રવૃત્તિ કરવામાં આવી છે. જે પ્રવૃત્તિ બાળકને ઘરે પણ કરાવી શકે. ઉપરાંત બાળકના પોષણનો પણ એટલો જ આંગણવાડી કેન્દ્રમાં ખ્યાલ રાખવામાં આવે છે. આમ, બાળકનું સમયાંતરે વજન અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓની વિગતોથી પણ વાલીઓને વોટ્સએપ ગ્રુપના દ્વારા અવગત રાખવામાં આવે છે. આમ, વોટ્સએપ ગ્રુપના માધ્યમથી વાલીઓ આંગણવાડીમાં બાળકોના વિકાસ પ્રવૃત્તિઓથી અવગત રહે છે, અને પોતાના બાળક પ્રત્યે વિશેષ ધ્યાન પણ કેન્દ્રિત કરી શકે છે.

તેમણે કહ્યું કે, બાળકોના ઘડતરમાં આઈ.સી.ડી.એસ વિભાગની પાયાની ભૂમિકા છે, જેથી ખૂબ સંવેદનશીલતા સાથે આંગણવાડી કેન્દ્રમાં બાળકો માટે જુદી જુદી રચનાત્મક – શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. ત્યારે તેમાં બાળકના વાલીઓનું એન્વોલમેંટ જરૂરી છે. આમ, આંગણવાડીમાં થતી પ્રવૃત્તિઓ અને વાલીઓ વચ્ચે આ વોટ્સએપ ગ્રુપ સેતુરૂપ બન્યાં છે.

ઉલ્લેખનીય છે કે, ઈન્ટીગ્રેટેડ સાઈડ ડેવલપમેન્ટ સ્કીમ – આઈ.સી.ડી.એસ. યોજના અંતર્ગત મુખ્યત્વે ૬ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. જેને સિક્સ પીલર ઓફ આઈ.સી.ડી.એસ પણ કહેવામાં આવે છે. આ ૬ સેવામાં સપ્લીમેન્ટરી ન્યુટ્રીશન, અને પચારિક પૂર્વ પ્રાથમિક શિક્ષણ, પોષણ અને સ્વાસ્થ્ય સંબંધિ શિક્ષણ, રસીકરણ સ્વાસ્થ્ય તપાસ અને તપાસ માટે એક્સપર્ટને સુપરત કરવા–રેફરલ સેવાનો સમાવેશ થાય છે.

### ફિલ્મમાં અમુક ફેરફાર કરવાની પડી ફરજ

# જોલી એલએલબી 3' પર સેન્સર બોર્ડે ચલાવી કાતર

**સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન તમામ ફેરફારો બાદ ૨ સપ્ટેમ્બરના રોજ આ ફિલ્મને 'U/A' પ્રમાણપત્ર આપ્યું છે.**

મુંબઈ, તા.૧૭

કોમેડી-કોર્ટરૂમ ડ્રામા ફિલ્મ 'જોલી એલએલબી'(૨૦૧૩) અને 'જોલી એલએલબી ૨૨ (૨૦૧૭)ની સફળતા બાદ હવે તેના ફિલ્મમેકર્સ 'જોલી એલએલબી ૩' લઈને આવી રહ્યા છે. ખાસ વાત એ છે કે, આ ફિલ્મમાં અક્ષયકુમાર અને અરશદ વારસી બંને ફિલ્મમાં જોવા મળશે. બંને અભિનેતાઓને આમનેસામને જોવા માટે તેમના ચાહકો આતુર થઈ રહ્યા છે. પરંતુ ૧૯ સપ્ટેમ્બરના રોજ થિયેટર્સમાં રિલીઝ થનારી આ ફિલ્મ પર સેન્સર બોર્ડે કાતર ફેરવી છે. જેથી આ ફિલ્મના મેકર્સને કેટલાક સીન તથા ડાયલોગ હટાવવાની ફરજ પડી છે.સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન એ ફિલ્મમાંથી કેટલાક સંવાદો અને દ્રશ્યો દૂર કરવા અથવા સુધારવાની સૂચના આપી હતી. જેમાં સૌપ્રથમ ફિલ્મના જૂના ડિસ્કલેમરને હટાવીને એક નવું ડિસ્કલેમર ઉમેરવાનું કહેવામાં આવ્યું છે. ફિલ્મમાં સ્થળ અને વર્ષનું કાલ્પનિક નામ ઉમેરવા માટે નિર્માતાઓને નિર્દેશ આપવામાં આવ્યો હતો.પોલીસ એક વૃદ્ધ વ્યક્તિ પર હુમલો કરે છે તે દ્રશ્યમાં ફેરફાર કરવામાં આવ્યો છે. કેટલાક સંવાદો સુધારીને નવા સંવાદો મૂકવામાં આવ્યા છે, જેમ કે 'જાનકી અમ્મા કા ગાંવ સિર્ફ એકપ ચેક મુહ પર ફેક કે મારા' ને બદલે બીજો યોગ્ય સંવાદ મૂકવામાં આવ્યો છે. એક દ્રશ્યમાં જાનકી (સીમા બિશ્વાસ) દ્વારા લઈ જવામાં આવતી ફાઈલ પરના લોગોને પણ બ્લર કરવામાં આવ્યો છે. આ સિવાય જ્યાં પણ દારૂની બ્રાન્ડ દેખાતી હતી, તેને પણ બ્લર કરવામાં આવી છે.સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન તમામ ફેરફારો બાદ ૨ સપ્ટેમ્બરના રોજ આ ફિલ્મને 'U/A' પ્રમાણપત્ર આપ્યું છે. ફિલ્મનો કુલ રનટાઈમ ૧૫૭.૧૬ મિનિટ (૨ કલાક, ૩૭ મિનિટ અને ૧૬ સેકન્ડ) છે. સુભાષ કપૂર દ્વારા ડિરેક્ટ કરવામાં આવેલી આ ફિલ્મમાં અક્ષય કુમાર અને અરશદ વારસી ઉપરાંત સૌરભ શુક્લા, અમૃતા રાવ, હુમા કુરેશી, ગજરાજ રાવ અને સીમા બિશ્વાસ પણ મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે.

આ ફિલ્મમાં જગદીશ ત્યાગી(અરશદ વારસી) અને જગદીશ મિશ્રા(અક્ષય કુમાર) બંને એકબીજાની આમનેસામને કેસ લડતા જોવા મળશે. આ બંનેમાંથી કોની જીત થશે? એના માટે તમારે ફિલ્મ જોવા જવું પડશે.

### સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાત રિજનમાં આગાહી

# આગામી 3 દિવસ કેટલાક જિલ્લામાં ભારે વરસાદને લઈ એલર્ટ જાહેર

**અત્યાર સુધી રાજ્યમાં ૨૯% જેટલો વધુ વરસાદ નોંધાયો**

અમદાવાદ, તા.૧૭

ગુજરાતમાં ચોમાસું સત્તાવાર રીતે વિદાય લેવાની તૈયારીમાં છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૩ દિવસ સુધી રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાત રિજનમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલ રાજ્યમાં મોનસુન ટ્રફ સક્રિય હોવાના કારણે દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી છે. આ સમય દરમિયાન પવનની ગતિ ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. જોકે અત્યાર સુધી રાજ્યમાં ૨૯% જેટલો વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં આગામી ત્રણ દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. છેલ્લા ઘણા દિવસોથી વરસાદમાં રાહત જોવા મળી રહી છે. જોકે, આ રાહત ફક્ત થોડા સમય પૂરતી જ રહેશે. કારણ કે, હવામાન વિભાગે ફરી નવી આગાહી કરી છે. રાજ્યના અમુક ભાગોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

રાજસ્થાનમાંથી ચોમાસાની વિદાય શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં પણ ઉત્તર ભાગમાંથી ચોમાસું વિદાય લઈ રહ્યું છે. પરંતુ કેટલાક ભાગોમાં હજુ પણ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગામી નવરાત્રિના તહેવાર દરમિયાન પણ હળવા વરસાદની શક્યતા રહેલી છે, જે ખેલૈયાઓની મજા બગાડી શકે છે.દક્ષિણ ગુજરાતમાં સક્રિય ચોમાસાને કારણે ભારે વરસાદ પડી શકે છે. આ વિસ્તારોમાં યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેમાં મુખ્યત્વે વલસાડ, નવસારી, તાપી, ડાંગ, દમણ અને દાદરા અને નગર હવેલીનો સમાવેશ થાય છે. અહીંના વાતાવરણમાં અસ્થિરતાને કારણે છૂટાછવાયા વિસ્તારોમાં જોરદાર વરસાદ જોવા મળી શકે છે.

બંગાળની ખાડીમાં સર્જાયેલ સિસ્ટમ ગુજરાતમાં પણ ૧૭ સુપ્ટેમ્બર બાદ વરસાદ લાવે તેવી શકયતાં છે. બંગાળની ખાડીમાં વધુ એક સિસ્ટમ આકાર લેતાં ફરી ગુજરાતમાં ભારે વરસાદનું અનુમાન છે. આ સિસ્ટમના કારણે ખાસ કરી દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ વરસશે. મેઘરાજાએ રાજ્યમાં જોરદાર બેટિંગ કર્યા બાદ હાલ મોટાભાગના વિસ્તારમાં વરસાદે લગભગ વિરામ લીધો છે.

### ભારત જન વિજ્ઞાન જાથાએ જાણકારી આપી

# આગામી સોમવારે ૧૨ કલાકનો દિવસ અને ૧૨ કલાકની રાત

**મંગળવારથી ક્રમશઃ દિવસ ટુંકો અને રાત્રિ લાંબી**

રાજકોટ, તા. ૧૭

અમદાવાદ : આગામી સોમવાર તા. ૨૨ મી સપ્ટેમ્બર દિવસ–રાત સરખાનો લોકો અનુભવ કરવાના છે તેમાં સૂર્યનો ક્રાંતિવૃત્ત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદબિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. ભારતના લોકોએ માર્ચની ૨૧ મીએ દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો હતો અને તા. ૨૧ મી જુને લાંબામાં લાંબો દિવસનો અહેસાસ કર્યા પછી સોમવાર તા. ૨૨ મી સપ્ટેમ્બરે શરદ સંપાતના કારણે દિવસ અને રાત સરખા હોવાનો અદ્ભુત અનુભવ માણવા મળશે. ૧૨ કલાકનો દિવસ અને ૧૨ કલાકની રાત્રી સોમવારે જોવા મળશે. આ ખગોળ ીય ઘટના વસંતસંપાત પછી શરદસંપાત ઘટનાનો લાભ લેવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે તા. ૨૨ મી સપ્ટેમ્બરના દિવસને શરદસંપાત તરીકે ઓળ ખાય છે. રાજકોટમાં સૂર્યોદય સવારે ૬ કલાકને ૩૬ મિનિટ અને સૂર્યાસ્ત સાંજે ૫ કલાકને ૪૦ એટલે દિવસ ૧૨ કલાકને ૪ મિનિટનો રહેશે. અમદાવાદમાં સૂર્યોદય ૬ કલાકને ૨૯ મિનિટ અને સૂર્યાસ્ત ૬ કલાકને ૩૪ મિનિટ એટલે દિવસ ૧૨ કલાકને ૫ મિનિટ, સુરતમાં સૂર્યોદય ૬ કલાકને ૨૯ મિનિટ, થરાદમાં સૂર્યોદય ૬ કલાકને ૩૪ મિનિટ સૂર્યાસ્ત ૬ કલાકને ૩૫ મિનિટ, મુંબઈમાં સૂર્યોદય ૬ કલાક ૨૮ મનિટ ૩૮ સેકન્ડ સૂર્યાસ્ત ૬ કલાકને ૩૪ મિનિટ ૧૩ સેકન્ડ સામાન્ય રીતે ૧૨ કલાકને દિવસ–રાત્રી રહેશે. દિવસ–રાત સરખા હોવામાં સામાન્ય ૩ મિનિટ થી ૭ મિનિટનો તફાવત ધ્યાને રાખી અંકગણિત કરવાનું રહેશે. અપર અને સૂક્ષ્મ ગણિત આધારે ગણત્રી કરવામાં આવી છે.

વધુમાં પંડયાએ જણાવ્યું કે પૃથ્વી પોતાની ધરી આસપાસ ૨૩.૫ અંશે નમેલી–ઝુકેલી હોય છે. પૃથ્વીનું માથું દક્ષિણ અને ઉત્તર તરફ નમેલું હોવાના કારણે પૃથ્વીવાસીઓને ગરમી અને ઠંડી વિવિધ આબોહવાનો અનુભવ સૂર્યના કિરણોના કારણે જોવા મળે છે. ૩૬૫ દિવસમાં દિવસ–રાત સરખા બે વખત અને લાંબો દિવસ અને રાત લાંબી બાદ રાત્રી ટૂંકી અને દિવસ ટૂંકાનો અનુભવ ખગોળીય ઘટનાના કારણે જોવા મળે છે જેમાં સંપાતની મહત્વની ભૂમિકા છે.

જાથાના જયંત પંડયાએ વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે સામાન્ય રીતે સપ્ટેમ્બર માસ સમપ્રકાશીય ઉત્તર ગોળાર્ધમાં રહેતા કોઈપણ માટે પાનખરનો પ્રથમ દિવસ અને દક્ષિણ ગોળાર્ધમાં રહેતા કોઈપણ માટે વસંતનો પ્રથમ દિવસ દર્શાવે છે. વિષુવવૃત્તના દિવસે, પૃથ્વી પર દરેક જગ્યાએ દિવસ અને રાત્રિના લગભગ ૧૨ કલાક હોય છે, કારણકે રાશિચક્રના નક્ષત્રોમાંથી સૂર્યની વાર્ષિક યાત્રા તેને અવકાશી વિષુવવૃત્ત પર લઈ જાય છે. ઈકિવનોકસ શબ્દ લેટિન શબ્દો aequus (aqual) (સમાન) અને nox (રાત) પરથી આવ્યો છે. તમે પૃથ્વી પર જયાં પણ રહો છો, વિષુવવૃત્તિના દિવસે સૂર્ય ક્ષિતિજ પરના બિંદુથી ઉગે છે જે પૂર્વમાં આવેલું છે, અને તે બિંદુની નીચે આવશે. જે પશ્ચિમમાં આવેલું છે. વિષુવવૃત્ત એટલા માટે થાય છે કે કારણકે પૃથ્વીની સ્પિનની ધરી – તેની ધ્રુવીય ધરી – સૂર્યની ફરતે તેની ભ્રમણકક્ષાના સમતલમાં ૨૩.૫૦ ના ખૂણા પર નમેલી છે. પૃથ્વીની સ્પિન અક્ષની દિશા અવકાશમાં નિશ્ચિત રહે છે કારણકે તે સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે, જયારે પૃથ્વીની સૂર્ય તરફની દ્રષ્ટિરેખા રાશિચક્રના નક્ષત્રોમાંથી પસાર થાય છે. પરિણામે, કેટલીકવાર પૃથ્વીનો ઉત્તર ધ્રુવ સૂર્ય તરફ (જૂનમાં) નમેલું હોય છે, અને કયારેક તે તેનાથી દૂર (ડિસેમ્બરમાં) નમેલું હોય છે. આ પૃથ્વીની ઋતુઓને જન્મ આપે છે.

એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે અયનકાળ વચ્ચેના મપ્રયવર્તી બિંદુઓ પર, લગભગ ૨૧ માર્ચ અને ૨૨ સપ્ટેમ્બરના રોજ સૂર્ય પૃથ્વીના વિષુવવૃત્ત પર સીધો રહે છે. માર્ચમાં, સૂર્ય વિષુવવૃત્ત પર ઉત્તર તરફ પ્રવાસ કરે છે, અને સપ્ટેમ્બરમાં તે દક્ષિણ તરફ પ્રયાણ કરે છે. પૃથ્વી દર ૩૬૫.૨૪૨ દિવસમાં એકવાર સૂર્યની પરિક્રમા કરે છે, અને આ તે સમયગાળો છે જેમાં અયન અને સમપ્રકાશીય ચક્ર અને પરિણામે પૃથ્વીની તમામ ઋતુઓ એક વર્ષથી બીજા વર્ષમાં પુનરાવર્તિત થાય છે. લીપ વર્ષ ન હોય તેવા કોઈપણ વર્ષમાં, સમપ્રકાશીય લગભગ ૫ કલાક અને ૪૮ મિનિટ – એક દિવસના એક કવાર્ટરથી ઓછા સમયમાં પછીથી એક વર્ષથી બીજા વર્ષ સુધી થાય છે. આ જ કારણ છે કે જો દર ચોથા વર્ષમાં ૨૯ ફેબ્રુઆરીના રોજ વધારાનો દિવસ દાખલ કરવામાં ન આવે તો ઋતુઓમાં ઘણો જ ફેરફાર થઈ શકે છે. જયારે સપ્ટેમ્બર સમપ્રકાશીય દર વર્ષે આવે છે. મહિનાની શરૂઆતમાં ચાર–વર્ષના ચક્રનો ધીમે ધીમે પ્રવાહ દર વર્ષે એક દિવસના એક કવાર્ટર કરતાં ૧૨ મિનિટ ઓછી થવાને કારણે થાય છે. સપ્ટેમ્બર સમપ્રકાશીય સમયે, સૂર્ય લગભગ બરાબર ૧૨ કલાકનું જમણું આરોહણ ધરાવે છે. આનું કારણ એ છે કે જમણા આરોહણના શુન્ય બિંદુને માર્ચ સમપ્રકાશીયની ક્ષણે સૂર્યના કેન્દ્રની સ્થિતિ દ્વારા વ્યાખ્યાતિ કરવામાં આવે છે. સપ્ટેમ્બરમાં, સૂર્ય આકાશમાં આ બિંદુની લગભગ બરાબર વિરૂધ્ધ સ્થિત હોય છે. વ્યવહારમાં સૂર્યનું જમણું ઉર્ધ્વગમના બરાબર ૧૨ કલાક નથી, કારણકે અવકાશમાં પૃથ્વીની સ્પિન અક્ષની દિશા સંપુર્ણપણે સ્થિર નથી. પૃથ્વી ભ્રમણ દર્શક યંત્રની જેમ ફરે છે, જેના કારણે સમપ્રકાશીયનું સ્થાન દર વર્ષે લગભગ ૫૦ આર્ક સેકન્ડના દરે આકાશમાં સરકતું રહે છે. અવકાશી સંકલન સામાન્ય રીતે યુગ કાળ જે ૨૦૦૦.૦ નામની સિસ્ટમમાં લખવામાં આવે છે, જયાં ૧ જાન્યુઆરી, ૨૦૦૦ના રોજ મધ્યરાત્રિએ પૃથ્વીના પરિભ્રમણ અક્ષની દિશા પર જમણા આરોહણનું શુન્ય બિંદુ આધારિત હોય છે.

વિશેષમાં જયંત પંડયા જણાવે છે કે પૃથ્વીની ઝુકેલી ધરીને કારણે પૃથ્વી ઉપર અસામાન્ય આબોહવાના ફેરફારો, દિવસ–રાત, ગરમી–ઠંડી વિગેરે અનુભવ ભૌગોલિક પરિસ્થિતિથી જોવા મળે છે. પૃથ્વીની ધરી સીધી હોત તો દિવસ–રાત બાર–બાર કલાકના અને ઋતુઓનો અનુભવો કરવો મુશ્કેલ–દુષ્કર બની જવાનો હતો. દિવસે સૂર્ય માત્ર પૃથ્વીની ક્ષિતિજે ઘુમતો જોવા મળ ત પરંતુ તેવું નથી. શનિવારે દિવસ–રાત સરખાની ખગોળીય ઘટના બનવાની છે.

અંતમાં સામાન્ય મિનિટના તફાવત વચ્ચે ૧૨–૧૨ કલાકનો દિવસ–રાત સરખાની ખગોળીય ઘટના બનવાની છે તેનો અનુભવ કરવા જાથાની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી પાલિકા દ્વારા ''સ્વચ્છતા હી સેવા''નો ઉત્સાહભેર પ્રારંભ



મહાત્માગાંધીજીનાસ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કાર્યભાળ સંભાળતાની સાથે જ વર્ષ ૨૦૧૪થી રાષ્ટ્રવ્યાપી ''સ્વચ્છ ભારત મિશન''નો પ્રારંભ કરાવ્યો હતો. આગામી તા. ૨ ઓક્ટોબરના રોજ મહાત્માગાંધીજીનીજન્મજયંતિનારોજ આ અભિયાનના ૧૧ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર દેશમાં ''સ્વચ્છતા હી સેવા–૨૦૨૫'' સ્વચ્છોત્સવ અભિયાનનુંઆયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર સુધીનાપખવાડિયાદરમિયાનદેશભરમાં ''સ્વચ્છોત્સવ''ની થીમ પર વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. મુખ્યમંત્રીભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનહેઠળગુજરાતસરકારે ''નિર્મળ ગુજરાત૨.૦''અનેઆગામી''સ્વચ્છતા સર્વેક્ષણ''નેધ્યાનમાંરાખીને''સ્વચ્છતા હી સેવા–૨૦૨૫'' અંતર્ગત યોજાનાર સ્વચ્છોત્સવ અભિયાન તા. ૧૭ સપ્ટેમ્બરથી૩૧ઓક્ટોબરએટલેકેત્રણ પખવાડિયા સુધી યોજાશે. અમરેલી નગરપાલિકાખાતેકૌશિકભાઈવેકરીયા (મુખ્ય નાયબ દંડક, ગુજરાત વિધાનસભા), ભરતભાઈ સુતરીયા (સંસદસભ્યલોકસભા)નાઅધ્યક્ષસ્થાને સ્વચ્છોત્સવનોશુભારંભકરવામાંઆવ્યો. જેમાં બીપીનભાઈ લીંબાણી (પ્રમુખ, અમરેલી નગરપાલિકા), શ્રીમતી બીનાબેન કાલેણા (ઉપપ્રમુખ, અમરેલી નગરપાલિકા), મનીષભાઈ ધરજીયા (કારોબારી ચેરમેન, અમરેલી નગરપાલિકા), અતુલભાઈ કાનાણી (પ્રમુખ અમરેલી જીલ્લા ભાજપ), મેહુલભાઈ ધોરાજીયા (મહામંત્રી અમરેલી જીલ્લા ભાજપ), વિજયભાઈ ચોટલીયા (પ્રમુખ અમરેલી શહેર ભાજપ), વી.સી. રાઠોડ (ચીફઓફિસર, અમરેલીનગરપાલિકા), સભ્યઅમરેલી નગરપાલિકા, નગરપાલિકાનો તમામ સ્ટાફ અને શહેરીજનો હાજર રહેલ. સ્વચ્છોત્સવમાંનગરપાલિકાના ગાર્બેજ વર્લ્ડરેબલપોઈન્ટ્સ, કલીનલીનેસટાર્ગેટ યુનિટ, બ્લેક સ્પોટ, બજારો, માર્ગો, વાણિજય વિસ્તારો અને રહેણાંક વિસ્તારોની સાફ–સફાઈ માટે જનભાગીદારી અને સ્વયંસેવી સંસ્થાના સહયોગથી દૈનિક ધોરણે સ્વચ્છતા કાર્યક્રમોયોજવામાંઆવશે. આ ઉપરાંત અઠવાડિક થીમના આધારે વિશેષ સ્વચ્છતાપ્રવૃત્તિઓહાથધરવામાંઆવશે. તા. ૧૭ થી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન શહેરોમાંબસસ્ટેશન, રેલ્વેસ્ટેશન, રીક્ષા, ટેક્સીઅનેસાયકલસ્ટેન્ડ, જાહેર પાર્કિંગ, શહેરીવિસ્તારમાંથીપસારથતારીંગરોડ, રાજયના ધોરી માર્ગ અને રાષ્ટ્રીય ધોરી માર્ગજેવા સ્થળોનીસંપૂર્ણ સાફ–સફાઈ અનેતા. ૨૩થી૨૯સપ્ટેમ્બરદરમિયાન શહેરોમાં આવેલા ધાર્મિક સ્થળો, સંગ્રહાલયો, પ્રવાસન સ્થળો, બાગ–બગીચાઓ, ઐતિહાસિકસ્થળો, સાર્વજનિક અને ટ્રેકિંગ અને કેમ્પિંગ સ્થળોની સાફ સફાઈ હાથ ધરવામાં આવશે. તા. ૩૦ સપ્ટેમ્બરથી ૬ ઓકટોબરદરમિયાનશહેરોમાંઆવેલા વિવિધ નદી, તળાવ, સરોવર, દરિયાકિનારા, વરસાદી પાણીના નાળા સહિતના સ્થળોની સાફ–સફાઈ હાથ ધરવામાં આવશે. તા. ૭ થી ૧૩ ઓક્ટોબર દરમિયાન શહેરમાં આવેલા વિવિધ સર્કલ, ચાર રસ્તાઓ, સિગ્નલ્સ, ખુલ્લા પ્લોટ અને પ્રસ્થાપિત કરાયેલી પ્રતિમાઓ ઉપરાંત બેક લોનની સાફ–સફાઈ હાથ ધરવામાં આવશે. તા. ૧૪ થી ૨૦ ઓકટોબર દરમિયાન નગરપાલિકામાંઆવેલાવિવિધવાણિજય વિસ્તારો, એપીએમસી, શાકભાજીમાર્કેટ અને સ્ટ્રીટ ફૂડ માર્કેટ સહિતની વિવિધ બજારોની સઘન સાફ–સફાઈ હાથ ધરવામાં આવશે. તા. ૨૧ થી ૨૭ ઓકટોબર દરમિયાન શહેરોમાં આવેલી તમામ સરકારી કચેરીઓ, શાળાઓ, કોલેજો, અન્ય શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, ખાનગી તથા સરકારી દવાખાનાઅનેવિવિધઆરોગ્યકેન્દ્રોમાં સઘન સાફ–સફાઈ હાથ ધરવામાં આવશે. તા. ૨૮ થી ૩૧ ઓક્ટોબર દરમિયાન શહેરોના આઉટગ્રોથ વિસ્તારમાં આવેલા તમામ એન્ટ્રી પોઈન્ટથી એપ્રોચ વિસ્તાર સુધીના સ્થળો, શહેરના તમામ ફૂટપાથ, રોડ, વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ અને તેની આસપાસના વિસ્તારોની સઘન સાફ સફાઈ હાથ ધરવામાં આવશે.

પાના ૮ ઉપરનું ચાલું
## દીપડાએ યુવક ઉપર કર્યો હુમલો

આવેલ પોતાના ઘર બહાર ૨૫ વર્ષીય સલીમ ઝાંખરા નામનો યુવક વાડીએ જવાસનેડા પાછળ ગાડું જોડી રહ્યો હતો તેવા સમયે એક ખૂંખાર દીપડો આવી ચડી સલીમભાઈના ખંભે ટિંગાઈ ગયો હતો, યુવકની ચીસોથી આસપાસમાં રહેલ લોકો હાકલા પડકાર સાથે દોડી આવતા યુવકને ખંભા અને શરીરના અન્ય ભાગોમાં ઈજા પહોંચાડી દીપડો નદી છૂટયો હતો. લોકો આવી જતા સદનસીબે મોટી દુર્ઘટના થતાં ટળી હતી. યુવકને હાલ અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવેલ છે. ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા આંબરડી ગામે ઘરમાં દીપડો ઘૂસી આવ્યો હતો ત્યારે ।નની સતર્કતાથી ઘરના સભ્યો બચાવ થયો હતો અને અહી લોકોની સતર્કતાથી આ વિસ્તારમાં ૨૪ કલાકમાં રહેણાંકી વિસ્તારમાં દીપડો ઘૂસી આવવાના સતત બીજા બનાવથી લોકો દિવસે પણ હવે ફફડાટ અનુભવી રહ્યા છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૧૮ | ૮૯૫ |
| ૨ | શિંગ મોટી | ૬૦૦ | ૧૦૮૫ |
| ૩ | શિંગદાણા | ૯૩૦ | ૧૩૨૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૨૭ |
| ૬ | તલ કાળા | ૨૫૫૦ | ૪૩૧૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૦૩૦ | ૨૩૭૦ |
| ૮ | બાજરો | ૩૦૫ | ૩૭૫ |
| ૯ | જુવાર | ૩૭૫ | ૭૨૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૯૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૦૪ | ૫૭૭ |
| ૧૨ | મકાઈ | ૩૨૦ | ૫૨૫ |
| ૧૩ | મગ | ૧૩૮૦ | ૧૮૨૨ |
| ૧૪ | અડદ | ૮૦૦ | ૧૨૭૦ |
| ૧૫ | ચણા | ૮૨૫ | ૧૧૬૧ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૨૪ |
| ૧૭ | છોલે ચણા | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૧૮ | તુવેર | ૮૬૦ | ૧૦૯૯ |
| ૧૯ | કપાસ | ૮૦૦ | ૧૬૨૫ |
| ૨૦ | એરંડા | ૧૦૦૦ | ૧૨૬૩ |
| ૨૧ | જીરૂ | ૨૮૦૦ | ૩૫૧૭ |
| ૨૨ | રાય | ૧૨૧૦ | ૧૪૬૫ |
| ૨૩ | ધાણા | ૧૦૭૫ | ૧૩૯૫ |
| ૨૪ | મેથી | ૬૦૦ | ૯૦૦ |
| ૨૫ | સોયાબીન | ૬૮૫ | ૮૧૯ |

## અમરેલી ખાતે નેશનલ રૂરલ આઈટી કવીઝ ૨૫ સપ્ટેમ્બરે યોજાશે

અમરેલી, તા. ૧૭

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ડી.એસ.ટી. ગર્વમેન્ટ ઓફ ગુજરાતની દ્વારા આયોજીત એમવ ડી.ઈ.ઓ. તથા ડી.પી.ઈ.ઓ. અમરેલીના માર્ગદર્શન અનુસાર ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલભવન, અમરેલી દ્વારા ધો.૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે જિલ્લા કક્ષાની નેશનલ રૂરલ આઈ.ટી.કવીઝ તા.૨૫ મી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સવારના ૮:૩૦ કલાકે ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, બાલભવન, અને સંગ્રહાલય, અમરેલી ખાતે પ્રારંભ થશે. જેમા વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજીસ્ટેશન કરી, જિલ્લાનની મહત્તમ શાળાઓના વિદ્યાર્થીઓને સહભાગી થવા અનુરોધ કરાયો છે. નેશનલ રૂરલ આઈ.ટી.કવીઝમા ઈન્ફોરમેશન ટેકનોલોજી અન્વયેના ઑબ્ઝેકટીવ પ્રશ્નો પુછાનાર છે. વધુ વિગત માટે ડાયરેકટર નિલેશ કે. પાઠક મોબાઈલ નંબર : ૯૯૨૫૦ ૮૪૭૩૩ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૧૮૦ | ૧૩૮૦ |
| ૨ | કપાસ જુનો | ૧૩૬૫ | ૧૪૫૫ |
| ૩ | મગફળી નવી | ૭૭૦ | ૮૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૪૦ | ૧૮૫૦ |
| ૫ | જીરૂ | ૨૯૩૫ | ૩૪૨૫ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૩૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૬૮૦ | ૯૭૧ |
| ૨ | શીંગ દાણા | ૧૨૫૦ | – |
| ૩ | તલ સફેદ | ૧૫૬૩ | ૧૯૩૬ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૭૪૩ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૩૫ |
| ૮ | બાજરો | ૩૬૦ | ૫૭૦ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૭૯૨ |
| ૧૦ | મગ | ૧૦૦૦ | ૧૩૯૫ |
| ૧૧ | અજમા | ૧૩૫૧ | – |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૦૮૫ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં યુવતી ઉપર જીવલેણ હુમલો

ઝડપી લીધા હતાં.

આ બનાવમાં અમરેલીના ચિતલરોડ ઉપર આવેલ ભાવકાભવાની મંદિર પાસેના વિસ્તારમાં રહેતી હેતલબેન માવજીભાઈ ભાડ નામની ૨૪ વર્ષીયની એક મહિના પહેલા સગાઈ થયેલ હોય જે અંગેનું મનદુઃખ રાખી ગઈકાલે સાંજના તે જ વિસ્તારમાં રહેતા વિપુલ જાદવભાઈ ધૂંધળવા નામના ઈસમ સહિત બે શખ્સોસે ભોગ બનનાર હેતલની પાછળ જઈ હેતલ સાથે બોલાચાલી કરી ગાળો આપી જતો રહેલ બાદમાં ફરી એક વખત આવી એક અજાણ્યા આરોપીએ હેતલને પકડી રાખી આરોપી વિપુલે હેતલને મારી નાખવાના ઈરાદે છરીના ઘા હેતલના ગળાના ભાગે તથા ડાબા હાથ પર મારી જીવલેણ મરણતોલ ઈજા કરી બંને આરોપી નાશી ગયા હતાં.

આ બનાવની જાણ સ્થાનિક પોલીસને થતાં અમરેલી સિટી પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અને ભોગ બનનાર યુવતીની માતાની ફરિયાદ નોંધી અને બંને આરોપીની અમરેલી સીટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ.ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ શોધખોળ આદરી હતી.

અમરેલી સીટી પોલીસની સર્વેલન્સટીમઆખુનની કોશીસનો ગંભીર કરી ફરાર થયેલ આરોપી વિપુલ જાદવભાઈ ધુંધળવા તથા અમરેલીના દત્ત મંદિરની સામે આવેલ રંગ સોસાયટીમાં રહેતા આકાશ મહેન્દ્રભાઈ આવેટને બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે ગણતરીની કલાકોમાં ખાંભા ગામેથી પકડી પાડી આરોપી આગળની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ કામગીરીમાં અમરેલી સીટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ. ડી.કે. વાઘેલા, સબ ઈન્સ્પે.એમ.બી. ગોહિલ તથા એ.એસ.આઈ. રમેશભાઈ માલકિયા, જાવિદભાઈ ચૌહાણ, જયસુખભાઈ આસલીયા તથા હે.કોન્સ. ગીરીરાજસિંહ જાડેજા, ગૌરવભાઈ પંડયા તથા પોલીસ કોન્સ. જગદિશભાઈ પોપટ, ધવલભાઈ મકવાણા, રોહીતભાઈ પરમાર, વરજાંગભાઈ મુળીયાસીયા, અશોકસિંહ મોરી સહિતના પોલીસ સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવી હતી.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૦૦ | ૧૪૮૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૮ | ૫૪૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૩ |
| ૪ | જુવાર | ૩૦૦ | ૫૦૦ |
| ૫ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૨૪૫ |
| ૬ | ધાણા | ૯૦૦ | ૧૨૩૫ |
| ૭ | સોયાબીન | ૭૭૫ | ૭૯૦ |
| ૮ | તુવેર | ૯૦૦ | ૯૦૦ |
| ૯ | અડદ | ૧૦૮૬ | ૧૧૧૫ |
| ૧૦ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| ૧૧ | તલ કાળા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૧૨ | મગફળી | ૭૬૫ | ૭૬૫ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં ''સરદાર સન્માન યાત્રા''નું

કડવા પટેલ સમાજમાંથી પ્રોફેસર એમ.એમ. પટેલ, રજપૂત સમાજમાંથી પ્રકાશસિંહ રાઠોડ, સોની સમાજમાંથી નવનીતભાઈ રાજપરા, કડિયા સમાજમાંથી સુરેશભાઈ વગેરે આગેવાનોએ સરદાર સન્માન યાત્રાને ભવ્યથી ભવ્ય રીતે સફળ બનાવવા માટે તન, મન, ધનથી સાથ સહકાર આપવાની હાકલ કરી હતી. આ ઉપરાંત લોહાણા સમાજ, સગર સમાજ, કોળી સમાજ, લુહાર સમાજ, વણિક સમાજ, કડિયા સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વિહિન્દુ પરિષદના વિજયભાઈ દેસાઈ, સરદાર ધામના દિવ્યેશભાઈ વેકરીયા, પત્રકારકતા પરિષદના સુરેશભાઈ દેસાઈ, જિલ્લા ખોડલધામ સમિતિના રમેશભાઈ કથરોટીયા, કોંગ્રેસ અગ્રણી શરદભાઈ ધાનાણી, ભાજપ અગ્રણી મનીષભાઈ સંઘાણી અને અનિભાઈ સાવલિયા ઉપરાંત ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરી, લાયન્સ કલબ, રોટરી કલબ વતી બકુલભાઈ ભટ્ટ, ભારતીય કિસાન સંઘ, વેપારી મહામંડળ, ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ, શાળા સંચાલક મંડળ વતી દીપકભાઈ વઘાસિયા, ઓકસફર્ટ સ્કૂલ વતી મયુરભાઈ ગજેરા વગેરે અનેક આગેવાનોએ સરદાર સન્માન યાત્રાને સફળ બનાવવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કન્વીનર ડી.કે. રૈયાણીએ સરદાર સન્માન યાત્રાના રૂટની વાત કરીને સૌનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન કાંતિભાઈ વઘાસિયા, ભરત બાવીશી, ભીખુભાઈ કાબરીયા, મેહુલ બાબરીયા, ગોપાલ સોરઠીયા, તુષાર મકાણી, નિલેશ મુલાની, જે.ડી. સાવલિયાએ કર્યુ હતું.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૧ | ૧૪૦૦ |
| ૨ | મગફળી | ૭૬૪ | ૭૬૪ |
| ૩ | ઘઉં | ૫૩૧ | ૫૫૦ |
| ૪ | તલ | ૧૭૦૦ | ૧૭૬૦ |
| ૫ | શીંગદાણા | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ૬ | સોયાબીન | ૭૭૦ | ૭૭૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૪૭૧ | ૧૯૨૬ |
| ૨ | કપાસ | ૧૦૫૦ | ૧૫૦૨ |
| ૩ | બાજરો | ૩૭૧ | ૫૫૩ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૮૨ |
| ૫ | જુવાર | ૬૧૧ | ૮૫૦ |
| ૬ | મગ | ૮૮૧ | ૮૮૧ |
| ૭ | તુવેર | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૮ | ચણા | ૧૦૭૧ | ૧૧૪૧ |
| ૯ | સોયાબીન | ૭૮૫ | ૭૮૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૨૧૨ | ૧૨૧૨ |

# સાવરકુંડલા ખાતે પ્રધાનમંત્રીનાં જન્મદિને સ્વચ્છતા અભિયાન યોજાયુ



સાવરકુંડલા ખાતે નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા. એ પૈકી સાવરકુંડલા શહેરને સ્વચ્છ અને સુઘડ રાખવા હેતુથી આજરોજ વોર્ડ નંબર પાંચના આંખની હોસ્પિટલ વિસ્તારમાં નગરપાલિકા સફાઈ કર્મચારીઓ દ્વારા શહેરને સ્વચ્છ રાખવાના ભાગરૂપે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે વાલ્મીકિ સમાજ ગુજરાત સંગઠન ટ્રેડ યુનિયના ગુજરાત પ્રમુખ અને તેની ટીમે સાવરકુંડલા સફાઈ કર્મચારીઓની કામગીરી અને તેને આ કામગીરી દરમિયાન કોઈ સમસ્યાઓ છે કે કેમ? તેનો જાત સર્વેક્ષણ દ્વારા રિયાલિટી ચેક અપ કરવાના ઉદ્દેશ્યથી સફાઈ કામદારોની રૂબરૂ મુલાકાત લીધી હતી અને નગરપાલિકા વોર્ડ નંબર પાંચના સફાઈ કર્મચારીના સુપરવાઝર હિતેશભાઈ મકવાણા પાસેથી સફાઈ કર્મચારીઓ સંદર્ભે જાત માહિતી મેળવી. આજરોજ નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે જ સાવરકુંડલા શહેરને નેટ એન્ડ કલીન રાખવાનો સંકલ્પ કર્યો. સાવરકુંડલા નગરપાલિકા સફાઈ કર્મચારીઓની કેટલીક અણઉકેલ માંગણીઓનો યોગ્ય નિકાલ કરવા માટે આ સફાઈ કામદારો વતી વાલ્મીકિ સમાજ ગુજરાત સંગઠન ટ્રેડ યુનિયન દ્વારા સાવરકુંડલા નગરપાલિકા ચીફ ઓફિસર પાસે માંગ કરવામાં આવી. પ્રસ્તુત તસ્વીરમાં સાવરકુંડલા શહેરમાં વોર્ડ નંબર પાંચના હાથસણી રોડ પર આવેલા આંખની હોસ્પિટલ આસપાસ થતી સફાઈ ઝુંબેશનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરતાં કૈલાશભાઈ બારૈયા તેમજ નરેશભાઈ સોલંકી તથા વાલ્મીકિ સમાજ ગુજરાત સંગઠન ટ્રેડ યુનિયનના હોદેદારો દ્રશ્યમાન જોવા મળે છે.

### પ્રધાનમંત્રીનાં ૭૫માં જન્મદિને

# લાઠી ખાતે દર્દીઓને ફ્રુટ વિતરણ અને સ્વચ્છતા અભિયાન યોજાયુ

## ધારાસભ્ય, ભાજપા પ્રમુખ વિગેરે જોડાયા



અમરેલી, તા. ૧૭

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મદિવસની ઉજવણી લાઠી ખાતે ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ અવસરે લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની વિશેષ ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રીના દીર્ઘાયુ અને તંદુરસ્ત જીવન માટે ભવ્ય યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ યજ્ઞમાં લાઠી શહેર અને આસપાસના વિસ્તારના અનેક અગ્રણીઓ અને કાર્યકર્તાઓ જોડાયા હતા. સૌએ સાથે મળીને પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળ દેશની પ્રગતિ થાય અને તેઓ લાંબુ આયુષ્ય ભોગવે તેવી પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીએ દેશ માટે અનેક લોક કલ્યાણકારી કાર્યો કર્યા છે અને તેમના નેતૃત્વથી ભારત વિમાં એક મજબૂત રાષ્ટ્ર તરીકે ઉભરી રહ્યાં છે. તેમના જન્મદિવસની ઉજવણી માત્ર એક એપચારિકતા નથી, પરંતુ તેમના પ્રત્યે આદર અને સમર્થન વ્યકત કરવાનો એક અવસર છે.

આ ઉપરાંત, લાઠીની સિવિલ હોસ્પિટલમાં ફળ વિતરણ કાર્યક્રમ પણ યોજાયો હતો. દર્દીઓને ફળનું વિતરણ કરીને તેમના જલ્દી સાજા થવાની કામના કરવામાં આવી હતી. આ કાર્યક્રમ સાથે સ્વચ્છતાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી પણ આ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. તેમણે સૌને પોતાના પરિસર અને આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવાની અપીલ કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન લાઠી ભાજપ પરિવાર તથા નગરપાલીકા લાઠી ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને નાગરિકો ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ યશસ્વી પ્રધાનમંત્રીના જન્મદિવસની ઉજવણીએ સમાજમાં સેવા અને સ્વચ્છતાનો સકારાત્મક સંદેશ ફેલાવ્યો હતો.

આ તકે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, જીલ્લા બક્ષીપંચ મોરચો, લાઠી શહેર ભાજપ પ્રમુખ, તાલુકા ભાજપ પ્રમુખ, નગરપાલિકાના પ્રમુખ, કારોબારી ચેરમેન, નગરપાલીકાના ઉપપ્રમુખ, માર્કેટિંગ યાર્ડના ચેરમેન, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ, તાલુકા પંચાયતના ચેરમેન, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ, શહેર ભાજપ સંગઠન, તાલુકા ભાજપ સંગઠન, ગામના અગ્રણીઓ, વડીલો, સિવલ હોસ્પિટલ સ્ટાફ, નગરપાલિકા સ્ટાફ સફાઈ કર્મચારીઓ સંગઠન કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સાવરકુંડલા : ઓમકારેશ્વર મંદિરે

# ભારતીય સંસ્કૃતિનાં ઝલકનાં દર્શન



સાવરકુંડલા, તા. ૧૭

આમ તો ભારતીય સંસ્કૃતિમાં ધર્મનું અનોખું સ્થાન છે. શ્રધ્ધાના કોઈ પુરાવા નથી હોતા પરંતુ અહીં શ્રધ્ધાના પુરાવા પણ જોવા મળે છે. સાવરકુંડલા શહેરમાં પણ ધાર્મિક લોકોનું પ્રમાણ ખૂબ વધારે છે. ધાર્મિક લોકો પોતાની શકિત અને સમજ મુજબ ધર્મનું આચરણ કરતાં જોવા મળે છે. જયારે મંદિરોની દાનપેટીઓને તાળાથી સુરક્ષિત કરવામાં આવી હોય તેવી પરિસ્થિતિમાં પણ ભારત દેશમાં એવા લોકો વસે છે જે ધર્મના આચરણ માટે નિસ્વાર્થ ભાવથી પોતાનાથી શકય એવી ધર્મ સંસ્કૃતિની રક્ષા કાજે કાર્ય કરે છે. અહીં વાત કરવી છે એક એવી મહિલાની જે આજરોજ ઓમકારેશ્વર મંદિરના મેદાનમાં ઊગેલુ બિનજરૂરી ઘાસ દૂર કરવાની સેવા સંપૂર્ણ નિસ્વાર્થ ભાવે કરતાં જોવા મળ્યા. સાથે એમના વયોવૃદ્ધ માતુશ્રી પણ આ સેવા કાર્યમાં સહકાર આપી રહ્યા હતા. ખાસ વાત તો એ હતી કે આ શ્રધ્ધાળું બહેનની તબિયત પણ બરાબર ન હોવા છતાં મંદિરની સેવા છે. એટલે ભગવાન ભોળાનાથનું સ્મરણ કરીને આ મંદિરના ચોગાનમાં ઊગેલું બિનજરૂરી ઘાસ દાતરડાની મદદથી દૂર કરવાનો પ્રારંભ કર્યો. ખાસ વાત તો એ હતી કે પોતાની વાડીમાં હાલ ખૂબ ખેતીને અનુલક્ષીને કામ કાજ હોવા છતાં પેલું કામ ઈશ્વર માટે જ એ બાબતે પોતે પોતાના ખેતરની ચિંતા કર્યા વગર અહીં મંદિર ખાતે નિસ્વાર્થભાવે સેવાકીય કાર્ય કરતાં જોવા મળેલ. બસ એમનું જીવન દર્શન પણ અનોખું હતું.

કોઈ પ્રસિદ્ધિની અપેક્ષા વગર માત્ર મારો પરમાત્મા જોવે છે એ ન્યાયે કાર્ય કરતાં જોવા મળેલ. સાથે તેમના વયોવૃદ્ધ માતુશ્રી પણ તેના આ સેવાકીય કાર્યમાં સહયોગ આપતાં જોવા મળેલ.

જો કે માના સંસ્કારો જ પરિવારને સંપૂર્ણ સ્વસ્થ અને સુખી રાખે છે. એ વાતને પણ અહી દોહરાવીએ તો અતિશયોકિત નહીં ગણાય. એટલે જ કહ્યુ છે કે એક માતા બરાબર એક હજાર શિક્ષક.

### લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી) દ્વારા

# સુપ્રસિધ્ધ ભૂરખિયા ધામ ખાતે વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાયો

## મુંબઈનાં પારેખ પરિવારે કર્યો સહયોગ



અમરેલી, તા. ૧૭

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેક્ટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખિયા હનુમાનજી ટ્રસ્ટ તથા ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર-મુંબઈના આર્થિક સહયોગ દ્વારા ૯૦મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ભુરખિયા હનુમાનજી મંદિર મુકામે તા. ૧૭/૯/૨૫ને બુધવારે આયોજન કરવામાં આવેલ હતું. નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દીપપ્રાગટ્ય ભુરખીયા હનુમાનજી મંદિરના પ્રમુખ દુષ્યંતભાઈ પારેખ મુંબઈ, એસટીસી સુધીરભાઈ દોલતભાઈ પારેખ અને અમરશીભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ હતું અને તેઓએ કેમ્પને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ કેમ્પમાં આંખના તમામ રોગોની તપાસ નિષ્ણાત ડોક્ટર ડો. રવિભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ હતી. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતા. તેમજ નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની પત્રિકાનું પણ આજુબાજુના ગામડામાં વિતરણ કરવામાં આવેલ હતું.

આ કેમ્પમાં ૧૨૮ દર્દીઓએ લાભ લીધો હતો અને ૪૭ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. જરૂરિયાતમંદ વ્યક્તિઓના આંખના નંબર ચેક કરી ૨૬ વ્યકિતઓને ચશ્મા વિતરણ પણ કરવામાં આવેલ હતું. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના ટ્રેઝરર લાયન અનિભાઈ ડોડીયા, પૂર્વ પ્રમુખ લાયન એમ.એમ. પટેલ અને લાયન બિમલભાઈ રામદેવપુત્રા તેમની ટીમ તેમજ ભુરખીયા હનુમાનજી મંદિરના પ્રમુખ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ, સંચાલક ગોપાલભાઈ ચુડાસમા, દેવજીભાઈ સિંધવ વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમ લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ લાયન રૂજુલભાઈ ગોંડલીયાની યાદી જણાવે છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમત રંગ લાવી

# ભૈ વાહ : બાબરાનાં ઉંટવડ ગામે વિકાસના ૧૦ કામો માટે રૂપિયા ૧.૧૭ કરોડની ફાળવણી

## શિક્ષણ, પાણી, સ્વચ્છતાને લગતા કાર્યો કરાશે



અમરેલી, તા. ૧૭

લાઠી-બાબરા વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા બાબરા તાલુકાના ઉંટવડ ગામે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન (DMF)ની ગ્રાન્ટમાંથી ૧ કરોડ ૧૭ લાખના વિવિધ વિકાસ કામો મંજૂર કરાવવામાં આવ્યા છે. આ ગ્રાન્ટનો ઉદ્દેશ્ય ખાણકામ પ્રવૃત્તિઓથી પ્રભાવિત વિસ્તારોમાં વિકાસ અને સુખાકારી સુનિશ્ચિત કરવાનો છે. આ ભંડોળનો ઉપયોગ ગામની પ્રાથમિક જરૂરિયાતોને સંતોષવા માટે કરવામાં આવશે. મંજૂર થયેલા કામોમાં નીચેના મુખ્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે : શાળાઓમાં સુવિધાઓ સુધારવા અને શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે કામો હાથ ધરવામાં આવશે. રસ્તા, ગટર વ્યવસ્થા, અને અન્ય જરૂરી માળખાકીય સુવિધાઓના નિર્માણ અને સુધારણા માટે આ ગ્રાન્ટનો ઉપયોગ થશે.

### ''સ્વચ્છોત્સવ''ની થીમ હેઠળ

# અમરેલી જિલ્લામાં ''સ્વચ્છતા હી સેવા'' કાર્યક્રમનો ઉમળકાભેર શુભારંભ

## નાયબ દંડક તેમજ સાંસદની ઉપસ્થિતિમાં કાર્યક્રમનો શુભારંભ



અમરેલી, તા. ૧૭

ભારત સરકારના જળશકિત મંત્રાલયના પેય જળ અને સ્વચ્છતા વિભાગ દ્વારા દર વર્ષે ૨જી ઓકટોબરના રોજ મહાત્માં ગાંધીજીની જન્મ જયંતિ નિમીતે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનથી સ્વચ્છતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેના અનુસંધાને રાજય સરકાર દ્વારા કમિશ્નર ગ્રામ વિકાસની કચેરી હસ્તકની સ્વચ્છ ભારત મિશન (ગ્રા) યોજના દ્વારા ૧૭મી સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૩૧ મી ઓકટોબર ૨૦૨૫ સુધી સ્વચ્છતા હી સેવા-૨૦૨૫ નું આયોજન કરેલ છે. જેની મુખ્ય થીમ '' સ્વચ્છોત્સવ '' રાખી ગ્રામ્ય જીવનને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા ઝુંબેશ હાથ ધરવા માટે સમગ્ર જિલ્લામાં જિલ્લા કક્ષાએ તથા તાલુકા કક્ષાએ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૧૭મી સપ્ટેમ્બરથી '' સ્વચ્છતા હી સેવા-૨૦૨૫'' કેમ્પેઈનની ઉજવણીનો શુભારંભ કરવામાં આવેલ. દૈનિક અલગ-અલગ કાર્યક્રમ દ્વારા લોકોના સ્વભાવમાં સ્વચ્છતાની સ્વીકૃતી આવે લોકો સ્વૈચ્છિક રીતે વ્યકિતગત અને સામુહિક સ્વચ્છતા રાખવા પ્રેરિત થાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન થયેલ છે.

જિલ્લા કક્ષાનો સ્વચ્છતા હી સેવા - ૨૦૨૫ કાર્યક્રમનો અમરેલી તાલુકાના દેવભુમિ દેવળીયા ગામમાંથી શુભારંભ કરવામાં આવેલ. જેમાં માન. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, માન.સાંસદ ભરતભાઈ સુતરીયા, તાલુકા પંચાયતના પ્રમુખ, કારોબારી ચેરમેન, વિવિધ પદાધિકારીઓ દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમની મુખ્ય થીમ '' સ્વચ્છોત્સવ'' રાખી ગ્રામ્ય જીવનને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા લોકોને પ્રેરિત કરવામાં આવેલ. જેમાં સ્વૈચ્છિક રીતે જનભાગીદારીથી વિવિધ જગ્યાઓની સામુહિક સફાઈ હાથ ધરી લોકોએ સ્વચ્છતાના શપથ ગ્રહણ કરેલ.

સાથે-સાથે જિલ્લાના તમામ તાલુકાના એક-એક ગામમાં તાલુકા કક્ષાના કાર્યક્રમ યોજી સ્વચ્છતા હી સેવા -૨૦૨૫ કાર્યક્રમનો શુભારંભ થયેલ. જેમાં અલગ-અલગ જગ્યાએ ધારાસભ્ય, તાલુકા પંચાયતના પ્રમુખ, વિવિધ સમિતીના ચેરમેન, જિલ્લા - તાલુકા પંચાયતના સભ્ય, સરપંચ, સ્થાનિક આગેવાનો, દાતાઓ, પદાધિકારીઓ, અધિકારીઓ ઉપરાંત બહોળા પ્રમાણમાં લોકો જોડાયેલ અને ગ્રામ્ય જીવનને સ્વચ્છ બનાવવા પ્રેરિત કરેલ.

આ કાર્યક્રમ ફકત સરકારી કાર્યક્રમ બની ન રહેતા સાચા અર્થમાં જન ભાગીદારીથી ગામડુ ખરેખર કાયમી ધોરણે સ્વચ્છ અને સ્વસ્થ બને, લોકો સ્વચ્છતાના આગ્રહી બને, વર્ષોથી એકઠો થયેલ કચરો કાયમી ધોરણે નિકાલ થઈ એ જગ્યા પર વૃક્ષારોપણ થાય, ગામમાં કાયમી ધોરણે પ્લાસ્ટીકનો ઉપયોગ સદંતર બંધ થાય, ઉકરડાનો નિકાલ થાય, પાણી ભરાઈ રહેતા ખાડા ખાબોચીયાનો નિકાલ થાય, ગામ સ્વચ્છ, સ્વસ્થ અને હરીયાળુ બની રોગચાળા મુકત બને તે બાબતને ધ્યાનમાં રાખી આ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ. આ તબકકાવારના અભિયાનમાં ગુજરાતની સમૃધ્ધ સંસ્કૃતિ અને પરંપરા, સ્વચ્છતા અને હરિયાળા પર્યાવરણ પ્રત્યેની કટિબધ્ધતા દર્શાવવા યુવાઓ, સ્વયંસેવકો અને સમુદાયના સભ્યોને સમગ્ર જિલ્લા વહીવટીતંત્ર અભિયાનમાં જોડાવા અને શ્રમદાન આપવા અપીલ કરે છે.

# અમરેલી : જય વેલનાથ સમૂહલગ્ન સમિતિ આયોજીત બે તબકકામાં સર્વજ્ઞાતિ સમૂહલગ્ન



અમરેલી, તા. ૧૭

અમરેલી-આગામી તારીખ:૩૦/૧૧/૨૦૨૫ના રોજ અમરેલી શહેર તથા તા. ૦૮/૦૨/૨૦૨૬ના રોજ અમરેલીના ગ્રામ્ય વિસ્તારમાં સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન અમરેલીની કાર્યરત જય વેલનાથ સમૂહલગ્ન સમિતિદ્વારા ૩૧ તથા ૩૨માં સર્વજ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન રાખવામા આવેલ હોય અને આ સમૂહલગ્નમા ગરીબ અને મધ્યમ વર્ગને પ્રથમ અગ્રતા સાથે વર-કન્યા તેમજ પરીવાર ઉપયોગી દાન-ભેટની ૧૨૫ વસ્તુઓ આપવામા આવનાર હોય આ અંગે અમરેલી ખાતેની સમિતિના અગ્રણીઓ શ્રી ધીરૂભાઈ મકવાણા મો. ૯૮૭૯ ૨૭૭૬૮૪, ભનુભાઈ થળેસા મો. ૯૬૨૪૧ ૩૩૫૦૯ તથા મુકેશભાઈ સોલંકી: ૯૮૨૫૨ ૭૮૭૨૯ ઓફિસ : ઓફિસ નંબર-૧૬, નારણ પ્લાઝા, પહેલો માળ, (જિલ્લા સંઘ વાળું બિલ્ડીંગ), ભીડભંજન મહાદેવ મંદિર સામે, અમરેલીનો સંપર્ક સાધવા સમિતિ તરફથી જણાવવામાં આવે છે

### બારડોલીથી સોમનાથ સુધી યાત્રા શરૂ

# દામનગર ખાતે આગામી શનિવારે સરદાર સન્માન યાત્રાનું થશે આગમન

## સરદારપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાનું આયોજન




દામનગર, તા.૧૭

બારડોલીથી ૧૧ સપ્ટેમ્બરે થયેલ સરદાર સન્માન યાત્રા આગામી ૨૨ સપ્ટેમ્બરે ભગવાન સોમનાથના સાંનિધ્યમાં વિસર્જન થશે ૧૧ દિવસ ચાલનારી સરદાર સન્માન યાત્રા ૧૯ જિલ્લાઓના ૬૨ જેટલા તાલુકાઓના ૩૬૫ જેટલા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાંથી ૧૮૦૦ કિમિ પ્રવાસ કરશે તેમાં સૌના સરદારના સંદેશ સાથે કર્મભૂમિ બારડોલી સ્વરાજ આશ્રમથી સરદાર પટેલના માનસપુત્રી રત્ન પૂજય નિરંજના બા ની પાવન નિશ્રામાંથી પ્રસ્થાન સરદાર સન્માન યાત્રા આગામી તા.૨૦/૦૯/૨૫ બપોર પછી દામનગર શહેરના સરદાર ચોક ખાતે પધારશે તેમ મહાકાલ ચેરી ટેબલ ટ્રસ્ટ અને ખોડલધામના સંજયભાઈ નારોલાની યાદીમાં જણાવ્યું છે દામનગર શહેરમાં સૌના સરદારના સ્લોગન સાથે દરેક સરદારપ્રેમીઓને સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયતી પૂર્વે યોજાયેલ ઐતિહાસિક સરદાર સન્માન યાત્રાના સાક્ષી બનવા પધારવા જાહેર અનુરોધ કરાયો છે.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી નિમિત્તે જિલ્લામાં ''સર્વ રોગ નિદાન કેમ્પ''નું સફળ આયોજન



આજરોજ દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી નિમિત્તે જિલ્લામાં વિવિધ આરોગ્ય કેન્દ્ર ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આજરોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મધ્યપ્રદેશના ધાર ખાતેથી દેશવ્યાપી ''સ્વસ્થ નારી, સશકત પરિવાર'' અભિયાન અને ૮માં ''પોષણ માસ''નો પ્રારંભ કરાવ્યો હતો. અમરેલી સ્થિત ફોરવર્ડ હાઈસ્કૂલ ખાતે ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડીયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા અને સાંસદ ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા આરોગ્ય તંત્રના સહયોગમાં અને કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં શહેરના નાગરિકોએ આરોગ્ય વિષયક વિવિધ રોગનું નિદાન કરાવ્યું હતું. ઉપરાંત જિલ્લાના ૪૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૨૪૯ આયુષ્યમાન આરોગ્ય મંદિર, ચિતલ સ્થિત સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પણ નાગરિકોએ સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લીધો હતો. વિવિધ જગ્યાએ આયોજિત આરોગ્ય તપાસણી કેમ્પમાં અંદાજે ૧,૬૦૩ બાળકોનું રસીકરણ પૂર્ણ કરવામાં આવ્યું હતું. કુલ ૨૫૮ નવા આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા હતા. અંદાજે કુલ ૩,૭૪૭ લોકોએ ડાયાબિટીસની તપાસ, ૧૭૨૩ લોકોએ હિમોગ્લોબિનનું નિદાન કરાવ્યું હતું. વિવિધ આરોગ્ય કેન્દ્રો ખાતે આયોજિત આરોગ્ય તપાસમી કેમ્પમાં અંદાજે ૧,૬૪૮ જેટલી સગર્ભાઓની આરોગ્ય તપાસણી, ૫૮ લોકોની એનિમીયા તપાસ, ૩,૮૪૦ લોકોએ બ્લડ પ્રેશરની તપાસ કરાવી હતી. સાથે સર્વાઈકલ કેન્સર, ઓરલ કેન્સરની આરોગ્ય તપાસ પણ કરવામાં આવી હતી. અમરેલી સ્થિત ફોરવર્ડ હાઈસ્કૂલ ખાતે આયોજિત સર્વરોગ નિદાન કેમ્પમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પદાધિકારીઓ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા આરોગ્ય તંત્રના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભ્રષ્ટાચારની બલ્લાને નાથવામાં સરકાર નિષ્ફળ સાબિત થઈ રહી છે


# લૂંટો ભાઈ લૂંટો : બગસરામાં નવો બનેલ માર્ગ બિસ્માર બની ગયો

**જનતા જનાર્દનનાં પરસેવાનાં ર૯ લાખનાં ખર્ચે બનેલ માર્ગ બની ગયો બિસ્માર**

**પાલિકાનાં શાસકોની કમિશનબાજીનાં કારણે જ માર્ગમાં દે ધનાધન થયાનો આક્ષેપ**

**ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુકત શાસનની ગુલબાંગો વચ્ચે ભ્રષ્ટાચારની ફરિયાદ વધી રહી છે**

**રાજયનાં વિજીલન્સ વિભાગ દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ ઉભી થઈ**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૭

બગસરામાં ભ્રષ્ટાચારે હદ વટાવી દીધી. ચરમસીમાને પહોંચી ગયો હોય તેવું લાગી રહ્યું છે. હાલમાં જ બનેલ બસસ્ટેન્ડથી પશુદવાખાના સુધીનો રોડ જે ૨૯ લાખ રૂપિયા જેવી માતબર રકમથી તૈયાર થયેલો જેનો કોન્ટ્રાકટ અમરેલીની એજન્સીએ રાખેલો હતો. આ રોડ બનતાની સાથે જ ફકત દસ દિવસમાં જ આ રોડની હાલત અતિ બિસ્માર બની ગઈ છે. જયારે આ બાબતે એક જાગૃત નાગરિક દ્વારા ચીફ ઓફિસરને પણ કહેવામાં આવેલું હતું કે આપ સ્થળની તપાસ કરો અને જુઓ કે કેટલી હદે આ રોડની હાલત ખરાબ થઈ ગઈ છે, પરંતુ હજુ સુધી કોઈ તપાસ માટે પણ કોઈ આવેલ નથી. આ રોડ સિમેન્ટ રોડ બનાવવામાં આવ્યો જયારે આ રોડમાંથી માટી કાઢતાની સાથે જ રોડ પણ તેની સાથે જ નીકળી ગયો પરંતુ આ બાબતે કોઈ પણ અધિકારી કે સત્તાધિશોને પરવાહ જ ના હોય અને પોતાના ખીચ્ચા ભરવામાં સપુરી પાલિકાના સત્તાધિશોને જાણે કુદરતનો પણ ડર ના હોય તેમ ભ્રષ્ટાચાર આદરી ચરમસીમાને પાર પહોંચાડી દીધો છે.

ગઈકાલના રોજ કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીએ કહેવામાં આવ્યું હતું કે જે કોઈ રોડ ૧ વર્ષમાં ખરાબ થઈ ગયા હોય તેના ઉપર કાર્યવાહી કરવામાં આવશે. પરંતુ બગસરા પાલિકા દ્વારા બનાવામાં આવેલ લગભગ તમામ રોડ ફકત ૨ મહિનામાં જ બિસ્માર થઈ ગયા છે. જયારે આ રોડ તો ફકત ૧૦ દિવસમાં જ બિસ્માર થઈ ગયો છે. તો આવા કોન્ટ્રાકટર તેમજ સત્તાધીશો ઉપર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

### કોઈ અગમ્ય કારણોસર પગલુ ભર્યુ

## ખાંભાનાં મોટા સમઢીયાળા ગામની યુવતીએ એસિડ પી અંતિમવાટ પકડી

**સારવાર દરમિયાન અંતિમશ્વાસ લીધા**

અમરેલી, તા. ૧૭

ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામે રહેતી સુહાનાબેન ઈદ્રીશભાઈ નહર નામની ૧૯ વર્ષિય યુવતીએ ગત તા. ૧૫ના સાંજના આશરે સાડા પાંચેક વાગ્યે પોતાના રહેણાંક મકાને કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે એસીડ પી લેતા સારવાર દરમ્યાન તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.







### કોઈ અગમ્ય કારણોસર પગલુ ભર્યુ

## વડિયાનાં તરઘરી ગામના યુવકે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૭

વડિયા તાલુકાના તરઘરી ગામે રહેતા શનીભાઈ દેવરાજભાઈ ખાનપરા નામના ૨૭ વર્ષિય યુવકે ગત તા. ૧૬ના રોજ બપોરનાં ૩ વાગ્યે તરઘરી ગામે કોઈ અગ્મય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### આંબરડીમાં ર દિવસ પહેલા હુમલો કર્યા બાદ

## સાવરકુંડલાનાં બગોયામાં ધોળે દી'એ દીપડાએ યુવક ઉપર કર્યો હુમલો

**રાની પશુઓની આવનજાવનથી ફફડાટનો માહોલ**



આંબરડી, તા. ૧૭

સિંહોના સામ્રાજયવચ્ચેહવે દીપડાના આંટાફેરા શરૂ થતાં લોકોમાં ફફડાટ ફેલાયેલ છે ફફડાટ વચ્ચે આજે બપોરના સમયે દીપડાએ યુવક હુમલો કર્યાની ઘટના સામે આવી છે. સાવરકુંડલાના આંબરડી નજીક આવેલ બગોયા ગામે ધોળે દિવસે એક દીપડો આવી ચડયો હતો. બગોયા ગામ વચ્ચે

અનુસંધાન પાના ૬ ઉપર

### એબીવીપી દ્વારા પત્રકાર પરિષદમાં થયો આક્ષેપ

## અમરેલીની કોલેજોમાંથી ABVP કાર્યકર્તાઓને ધમકાવીને NSUIમાં પ્રવેશ અપાયો

**તમામ કાર્યકર્તાઓ પુનઃ ABVPમાં જોડાયા**

અમરેલી, તા. ૧૭



અમરેલી ખાતે આજે એબીવીપીની પત્રકાર પરિષદ યોજાઈ હતી. અમરેલી શહેર અને જિલ્લામાં વિવિધ કોલેજો આવેલી છે જેમાં દરેક કેમ્પસમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ અભ્યાસ કરી રહ્યા છે સાથે જ વિદ્યાર્થી પરિષદ સાથે જોડાઈ સમાજ હિતના કાર્યો કરી રહ્યા છે જે નાથી એબીવીપીને સમાજલક્ષી કાર્યકર્તા હોવાથી પેટમાં તેલ રેડાયું હોય તેમ તારીખ ૧૩ના રોજ સાહિલ જોશી અને અનિલ જોશીએ વિવિધ કેમ્પસોમાં ફોન કરી વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓને બોલાવી ભોળવી, ધમકાવી અને લાલચ આપી એક એન.એસ.યુ.આઈ.નો કાર્યક્રમ છે તેમાં તમારે આવવાનું છે તેમ કહી એન.એસ.યુ.ના કાર્યક્રમમાં લઈ ગયા હતા અને ત્યાં વિદ્યાર્થીઓને પરાણે એન.એસ.યુ.આઈ. ખેસ પહેરાવી દુર્ભાગ્યપૂર્ણ વર્તન વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ સાથે કરી પોતાના સંગઠનમાં જોડી દીધા હતા. જે ઘટના બનતા એન.એસ.યુ.આઈ. હાય હાયના નારાઓથી તેનો કાર્યક્રમ ગુંજી ઉઠયો હતો અને ૧૦૦થી વધુ કાર્યકર્તાઓ જોડાયાનો દાવો કરવામાં આવે છે પણ ફોટામાં તેટલા કાર્યકર્તા પણ દેખાતા નથી છતાં પણ શરમને નૈવે મૂકી એન.એસ.યુ.આઈ. વિદ્યાર્થીઓનું શોષણ અને ધમકાવી પોતાના સંગઠનમાં છોડતા અમરેલી વિદ્યાર્થી જગતમાં ખૂબ જ નિંદનીય દુર્ભાગ્યપૂર્ણાક ઘટના બની હતી. આ ઘટના બાદ જે કાર્યકર્તાઓ ગયા હતા તે આજે પાછા એબીવીપીમાં જ છે તેમ કહી ગયેલા તમામ કાર્યકર્તાઓ એબીવીપી કાર્યાલય પર આવી ગયા હતા. જેને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને અમરેલીના દરેક કોલેજના કાર્યકર્તાઓ વખોડી કાઢે છે.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)